RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 205* Date: 23.05.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના સંકટ અને લૉકડાઉન વચ્ચે આરબીઆઈની મોટી રાહત

# અર્થતંત્રને વધુ એક બૂસ્ટર ડોઝઃ રેપો રેટમાં ૪૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો




*મુંબઈ,તા.૨૨*

દેશમાં ભયાનક કોરોના મહામારી અને સતત ૫૬ દિવસના રાષ્ટ્રીય લોકડાઉનને પગલે અર્થતંત્રને થયેલા ભારે નુકસાન સામે રાહત આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે ૨૦ લાખ કરોડના આત્મનિર્ભર આર્થિક પેકેજની જાહેરાત કરી હતી. હવે કરોડો બેંક લોનધારકોને રાહત સમાન મધ્યસ્થ બેંક રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(આરબીઆઈ) દ્વારા રેપોરેટ અને રિવર્સ રેપો રેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. કોરોના વાઈરસને પગલે બેકફૂટ પર આવી ગયેલા દેશના અર્થતંત્રને વધુ એક બૂસ્ટર ડોઝ સમાન રેપો રેટમાં ૪૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આ સાથે હવે રેપો રેટ ૪% થઈ ગયો છે અને રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા થયો છે.

આરબીઆઈના ગવર્નર શક્તિકાંતા દાસે મોનિટરી પોલીસીની બેઠક બાદ પત્રકાર પરિષદ યોજીને કહ્યું કે ૪૦ બેસિસ પોઈન્ટ્સના ઘટાડા બાદ આ સાથે હવે રેપો રેટ ૪% થઈ ગયો છે અને રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા થયો છે. કોરોના લોકડાઉન બાદ RBIએ ત્રીજી વાર રાહતની જાહેરાત કરી છે. સૌથી પહેલા ૨૭ માર્ચ અને બાદમાં ૧૭ એપ્રિલે પણ મધ્યસ્થ બેંકે અનેક રાહતોની જાહેરાત કરી હતી. મધ્યસ્થ બેંકે તેમાં EMI મોરેટોરિયમ જેવા મોટા નિર્ણયો કર્યા હતા. બીજી વાર મધ્યસ્થ બેંકે NABARD, SIDBI અને NHBને ૫૦ હજાર કરોડ રૂપિયાના રિફાઈનાન્સિંગની જોગવાઈ કરી હતી. RBIના ગવર્નર શક્તિકાંતા દાસે લોન મોરેટિયમનો સમયગાળો વધુ ૩ માસ એટલે કે ૩૧ ઓગસ્ટ સુધી લંબાવ્યો હતો.

જોકે આર્થિક બાબતોના નિષ્ણાંતોના મતે, આ જાહેરાત બાદ બેંકોને મોટો ફટકો પડ્યો છે. કેમ કે લોનરૂપે આપેલી પોતાની મૂડી પછી મેળવવા જહેમત કરી રહેલ બેંકોએ હવે EMI–હપ્તા બાબતે પણ નુકશાન સહન કરવાનો વારો આવી શકે. સતત બે મહીનાના લોકડાઉનથી દેશમાં આર્થિક ગતિવિધિઓ ખરાબ રીતે પ્રભાવિત થઈ છે.

શક્તિકાંતા દાસે વિવિધ બેંકોમાંથી લોન લેનાર લોનધારકોને રાહત આપતા વધુ ત્રણ માસ લોન-EMI ચૂકવવા માટે સમય આપ્યો હતો. આ અગાઉ લોકડાઉનની શરૂઆતમાં તેઓએ પત્રકાર પરિષદ યોજીને લોકડાઉનના સમયગાળા દરમિયાન લોનધારકોને રાહત આપવા માટે ૧લી માર્ચથી ૩૧મી મે, ૨૦૨૦ સુધી તમામ લોનના હપ્તાની ચૂકવણીમાં રાહત આપી હતી. આજે જાહેર થયા મુજબ રિઝર્વ બેંકે લોન મોરેટોરિયમને વધુ ૩ મહિના માટે લંબાવ્યું છે. હવે લોનધારકોએ EMI ચૂકવવા માટે વધુ ત્રણ મહિના એટલે કે ૩૧ ઓગસ્ટ, ૨૦૨૦ સુધી રાહત મળી છે. જો કે વ્યાજમાં રાહત મળી નથી. માત્ર તેમને ભપ્તા ભરવાની મુદત લંબાવી આપવામાં આવી છે.

તેમણે કોરોના લોકડાઉનનો ઉલ્લેખ કરીને કહ્યું કે સતત બે મહીનાના લોકડાઉનથી દેશમાં આર્થિક ગતિવિધિઓ ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. RBI સતત સ્થિતિ પર નજર રાખી રહી છે. ઈકોનોમિના તમામ ક્ષેત્રો પર અમારી ટીમની નજર છે. ઈન્ડસ્ટ્રીવાળા ટોપ-૬ રાજયોના મોટા ભાગના વિસ્તારો રેડ અને ઓરેન્જ ઝોનમાં છે. આ રાજયોની ઈન્ડસ્ટ્રીઓનું આર્થિક ગતિવિધિઓમાં ૬૦ ટકા કન્ટ્રીબ્યુશન હોય છે. કોરોનાની અસરને જોતા ૨૦૨૦-૨૧ના પ્રથમ છ મહિનામાં GDP ગ્રોથ નેગેટિવ રહેવાનું અનુમાન છે. બીજા છ મહિનામાં કેટલીક તેજી આવી શકે છે.

લૉકડાઉનના કારણે મોંઘવારી વધવાની આશંકા છે. દેશમાં રવિ પાક સારો થયો છે. સારા ચોમાસાથી ખેતીને ઘણી આશા છે. માંગ અને પૂરવઠા વચ્ચે સમતુલન ખોરવાની અર્થ વ્યવસ્થા ખોરંભે ચડી છે. સરકારના પ્રયત્નો અને રિઝર્વ બેંક તરફથી ઉઠાવવામાં આવેલા પગલાની અસર સપ્ટેમ્બર બાદ દેખાવાની શરૂ થશે. ૨૦૨૦-૨૧માં ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ૯.૨ અબજ ડોલરનો વધારો નોંધાયો. ભારતનું વિદેશી મુદ્રા ભંડાર અત્યારે ૪૮૭ બિલિયન ડોલરનું છે.

ખરીફની વાવણીમાં ૪૪ ટકાનો વધારો નોંધાયો છે. ખાદ્ય ફુગાવામાં ફરીથી એપ્રિલમાં વધીને ૮.૬ ટકા થઈ ગયો છે. ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની ક્રેડિટ લાઈન એક્ઝિમ બેંકને આપવામાં આવશે.

રિઝર્વ બેંકના નિયમ મુજબ ઋણની જવાબદારીની ચૂકવણીમાં નિષ્ફળ રહેવાનો મતલબ એ છે કે આ લોન નોન પર્ફોર્મિંગ એસેટ્સ બની શકે છે. રિપોર્ટમાં રિઝર્વ બેંકને વધારે ઉદાર વલણ અપનાવવા જણાવ્યુ છે.

### બંગાળ એક સાથે બે સંકટ સામે લડી રહ્યું છેઃ મોદી

## અમ્ફાન વાવાઝોડુઃ કેન્દ્ર સરકારે પ.બંગાળને ૧ હજાર કરોડના પેકેજનું એલાન કર્યુ

*કોલકાત્તા,તા.૨૨*

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, અમ્ફાન તોફાનને કારણે પશ્ચિમ બંગાળમાં ઘણું નુકસાન થયું છે. આ મુશ્કેલ સમયમાં સમગ્ર દેશ રાજ્યની જનતાની સાથે ઉભો છે. નરેન્દ્ર મોદીએ વાવાઝોડાને લીધે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે એક હવાઈ સર્વે કર્યો હતો. આ પછી, સીએમ મમતા બેનર્જી, રાજ્યપાલ જગદીપ ધનકડ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે પશ્ચિમ બંગાળનાં બસીરહાટમાં સમીક્ષા બેઠક મળી. ૮૩ દિવસ પછી પીએમ મોદી દિલ્હીની બહાર નીકળ્યાં છે. આ સમીક્ષા બેઠકમાં તેમણે કહ્યું કે મુશ્કેલ સમય છે પણ હું પશ્ચિમ બંગાળનાં ભાઈ-બહેનોને કહેવા માંગુ છું કે દરેક તમારી સાથે ઉભા છે. રાજ્યો અને કેન્દ્ર તેમના માટે મળીને કામ કરી રહ્યા છે જે તોફાનથી પ્રભાવિત છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળ માટે એક હજાર કરોડનાં રાહત પેકેજની જાહેરાત કરી છે. જે કેન્દ્ર દ્વારા રાજ્યને આપવામાં આવશે. આની ઘોષણા કરતી વખતે પીએમ મોદીએ કહ્યું કે, ×હાલમાં તુરંત રાજ્ય સરકારને મુસિબત ન થાય તે માટે ૧ હજાર કરોડ ભારત સરકાર તરફથી વ્યવસ્થા કરવામાં આવશે.× આ સાથે જ જે પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે તેમને વડા પ્રધાન રાહત ભંડોળ તરફથી ૨ લાખ રૂપિયા અને ઘાયલ થયેલા લોકોને ૫૦,૦૦૦ રૂપિયા સહાય આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અમ્ફાન વાવાઝોડાને કારણે રાજ્યમાં ૮૦ લોકોનાં મોત થયાં છે.

વડા પ્રધાન મોદીએ કહ્યું, બંગાળનાં આ દુઃખમાં અમે પૂર્ણ સમર્થન આપીશું. બંગાળ વહેલી તકે ઉભુ થઈને ઝડપી ગતિએ આગળ વધે. આ માટે ભારત સરકાર બંગાળ સાથે મળીને ઉભા રહીને કામ કરશે અને જે પણ જરૂરીયાતો હશે, અમે બંગાળની સાથે ઉભા રહીને મદદ કરીશું.પીએમ મોદીએ કહ્યું કે, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે અમ્ફાન ચક્રવાતનો સામનો કરવા માટે પ્રયત્નશીલ પ્રયાસ કર્યા, પરંતુ તેમ છતાં આશરે ૮૦ લોકોનાં જીવ બચી શક્યા નહીં, તેનો અમને દરેકને દુઃખ છે અને જે પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે તેમના પ્રત્યે કેન્દ્ર અને રાજ્ય સરકારની સંવેદનાઓ છે.

### દેશમાં કોરોના હવે વધુ ઘાતક બન્યોઃ બે સપ્તાહમાં ૫૬૦૦૦ પોઝિટિવ કેસ મળ્યા

## છેલ્લા ૨૪ કલાકમાં ૬૦૦૦ પોઝિટિવ કેસઃ ૧૪૮ના મોત

*ન્યુ દિલ્હી,તા.૨૨*

દેશમાં કોરોના દર્દીઓનો આંકડો ૧ લાખ ૧૮ હજારથી વધારે થઇ ગયો છે. શુક્રવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ અપડેટ અનુસાર, હાલ કુલ દર્દીઓની સંખ્યા ૧,૧૮,૪૪૭ સુધી પહોંચી છે. તેમાંથી ૩૫૮૩ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે. રાહતની વાત છે કે કોરોનાને હરાવનાર લોકોની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. અત્યાર સુધીમાં ૪૮,૫૩૪ લોકો ઠીક થઇ ચુક્યા છે. રિકવરી રેટ સતત સુધરી રહ્યો છે. એ ૪૦.૯૭ ટકાએ પહોંચ્યો છે. દેશમાં કેટલાંક રાજ્યો એવા પણ છે, જે આ રોગચાળામાંથી મુક્ત પણ થઈ ચૂક્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૬૦૮૮ નવા કેસ સામે આવ્યા છે અને ૧૪૮ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા કેટલાય દિવસથી દર્દીઓની સંખ્યા દરરોજ ૫ હજારનો આંકડો પાર કરી રહી છે. બુધવારે પણ ૫૬૧૧ નવા કેસ તો ગુરુવારે ૫૬૦૯ નવા કેસ સામે આવ્યા હતા. અત્યારે દેશમાં ૬૬,૩૩૦ એક્ટિવ કેસ છે.



મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૪૧,૬૪૨ કેસ છે, છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૨૩૪૫ નવા કેસ નોંધાયા છે. ગુજરાતમાં કુલ ૧૨,૯૧૦ કેસ છે, અહીં ૨૪ કલાકમાં ૩૭૧ કેસ નોંધાયા છે. જ્યારે તમિલનાડુમાં ગુજરાતથી વધારે કુલ ૧૩,૯૬૭ કેસ નોંધાયા છે, અહીં ૨૪ કલાકમાં ૭૭૬ નવા કેસ સામે આવ્યા છે.

દિલ્હીમાં દર્દીઓની સંખ્યા ૧૧,૬૫૯ સુધી પહોંચી છે. અત્યાર સુધીમાં દિલ્હીમાં ૧૯૪ લોકોના મૃત્યુ થયા છે, જ્યારે ૫૫૬૭ લોકો સાજા થઇ ચુક્યા છે. રાજસ્થાનમાં કોરોના દર્દીઓનો આંકડો ૬૨૨૭ છે. અહીં અત્યાર સુધીમાં ૧૫૧ લોકોના મૃત્યુ થયા છે. ત્યારે મધ્યપ્રદેશમાં કુલ દર્દીઓની સંખ્યા ૫૯૮૧ છે, જેમાંથી ૨૭૦ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

**બે સપ્તાહમા ૫૬,૦૦૦ કેસ મળ્યા**

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર આઠ મે પછી બે સપ્તાહમાં કોરાના વાઈરસના અડધોઅડધ કેસો આશરે ૫૬,૦૦૦ દર્દીઓ સામે આવ્યા છે. પાછલા ૨૪ કલાકમાં અત્યાર સુધી સૌથી વધુ નવા કેસ સામે આવ્યા છે. આઠ મેએ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫૬,૩૪૨ હતી.

### ઈન્સ્ટિટ્યુટ ઓફ હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશનના સંશોધકોએ કહ્યું

## દેશમાં ૫ કરોડ લોકો પાસે હાથ ધોવા માટે સાબુ નથી, કોરોનાથી આમને વધારે ખતરો

**ભારત, પાકિસ્તાન, ચીન, બાંગ્લાદેશ, નાઈઝીરિયા, કાંગો અને ઈન્ડોનેશિયામાં પ્રત્યેક પાંચ કરોડ કરતા વધારે લોકો પાસે હાથ ધોવાની સુવિધા નથી**

*ન્યુ દિલ્હી,તા.૨૨*

ભારત પર થયેલી એક રિસર્ચમાં ચોંકાવનારા પરિણામ સામે આવ્યા છે. જેમને કોરોના વાયરસનો ચેપ લાગવાનો ખતરો સૌથી વધારે છે. અમેરિકામાં વોશિંગટન યુનિવર્સિટીમાં ઈન્સ્ટિટ્યુટ ઓફ હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશનના સંશોધકોએ કહ્યું કે ઓછામાં ઓછી અને મધ્ય આવકવાળા દેશોના બે કરોડ કરતા પણ વધારે લોકો પાસે હાથ ધોવા માટે સાબુ અને સાફ પાણી નથી. જેના કારણે આ દેશોમાં ધનાઢ્ય દેશો કરતા કોરોના સંક્રમણ વધારે ફેલાવાનું જોખમ છે. આ વસ્તી દુનિયાની વસ્તીનો એક ચતુર્થાઉંસ વસ્તી છે.

જર્નલ એનવાયરમેન્ટ હેલ્થ પર્સપેક્ટિવ્સમાં પબ્લિસ રિસર્ચ મુજબ, સબ-સહારા આફ્રિકા અને ઓસિયાનાની ૫૦ ટકા કરતા વધારે લોકો પાસે સારી રીતે હાથ ધોવા માટેની સુવિધા નથી.

IHMEના પ્રોફેસર માઈકલ બ્રેઉરે કહ્યું, “કોવિડ-૧૯ સંક્રમણને રોકવા માટે મહત્વપૂર્ણ ઉપાયોમાં હાથ ધોવાનો સમાવેશ થાય છે. આ નિરાશાજનક છે કે ઘણાં દેશોમાં તેની સુવિધા જ નથી. આ દેશોમાં સ્વાસ્થ્ય સંભાળની સુવિધા પુરતા પ્રમાણમાં નથી.” રિસર્ચમાં જાણવા મળ્યું કે ૪૬ દેશોમાં અડધાથી વધુ વસ્તી પાસે સાબુ અને સાફ પાણી ઉપલબ્ધ નથી.આ શોધ મુજબ, ભારત, પાકિસ્તાન, ચીન, બાંગ્લાદેશ, નાઈઝીરિયા, કાંગો અને ઈન્ડોનેશિયામાં પ્રત્યેક પાંચ કરોડ કરતા વધારે લોકો પાસે હાથ ધોવાની સુવિધા નથી. બ્રાઉરે કહ્યું, “હેન્ડ સેનિટાઈઝર જેવી વસ્તુઓની પુરતી વ્યવસ્થા નથી., કોરોના વાયરસથી બચવા માટે ઉપાયો જરુરી છે.

હાથ ધોવાની પુરતી વ્યવસ્થા ના હોવાના કારણે દર વર્ષે સાત લાખ કરતા વધારે લોકોના જીવ જાય છે.”તેમણે દુનિયાની ૨૫ ટકા વસ્તી પાસે પુરતા પ્રમાણમાં હાથ ધોવા માટેની વ્યવસ્થા ના હોવાનું જણાવ્યું છે. તેમણે ૧૯૯૦થી ’૨૦૧૯ વચ્ચે તેમાં મોટો સુધારો આવ્યો છે, જેમાં સાઉદી અરબ, મોરક્કો, નેપાળ અને તાન્ઝાનિયાનો સમાવેશ થાય છે. આ મહિનાની શરુઆતમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કોરોના વાયરસથી આ વર્ષેના અંત સુધીમાં ૧ લાખ ૯૦ હજાર લોકોના મોત થવાનું અનુમાન હતું.

### ટ્રમ્પે માસ્ક પહેરવાની ઘસીને ના પાડી દીધી

## હું પ્રેસને માસ્તક પહેર્યુ હોય તેવુ સુખ આપવા નથી માંગતોઃ ટ્રમ્પ

*વૉશિંગ્ટન,તા.૨૨*

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના સંકટના સમયે ખુદ સેફ્ટી નિયમોનું ઉલ્લંઘન કરતાં દેખાઇ રહ્યા છે. તેમણે મિશિગનમાં ફોર્ડ ફેકટરીની મુલાકાત લીધી હતી ત્યારે માસ્ક પહેર્યું નહોતું, જ્યારે આ રાજયમાં માસ્કર પહેરવું ફરજીયાત કરી દેવાયું છે. આ પ્લાન્ટમાં કોરોના દર્દીઓ માટે વેન્ટિલેટર બનાવામાં આવી રહ્યા છે અને આ કામને જોવા માટે ટ્રમ્પ ત્યાં ગયા હતા. આ દરમ્યાન તેમની આસપાસ તમામ લોકો માસ્કમાં દેખાયા હતા.

ટ્રમ્પ ત્યારબાદ પ્રેસની સામે દેખાયા અને દાવો કર્યો કે તેમણે પ્લાન્ટની અંદર માસ્ક પહેરી રાખ્યું હતું. પરંતુ ટ્રમ્પ પત્રકારોને તેમને માસ્કમાં જોવાનું સુખ આપવા માંગતા નથી. તેમણે કહ્યું કે મેં અંદર માસ્ક પહેર્યું હતું. હું પ્રેસને મેં માસ્ક પહેર્યું હોય તેવું સુખ આપવા માંગતો નથી. મેં ગોગલ્સ અને માસ્ક પહેરી રાખ્યા હતા.

તેઓ મીડિયાને માસ્કની સાથે ફોટો આપવા માંગતા નથી. જો કે તેનું કારણ એ છે કે તેઓ દેશમાં કોઇ ખોટો સંદેશ આપવા માંગતા નથી ત્યારે જયારે લોકડાઉન હટાવાની વકાલત કરી રહ્યા છે. અત્યાર સુધીમાં અમેરિકામાં ૧૫ લાખથી વધુ લોકો સંક્રમિત છે અને અંદાજે ૧ લાખ લોકોના મોત થઇ ચૂકયા છે. જો કે તેઓ ફેસ શીલ્ડની સાથે મીડિયા સામે આવ્યા અને આ તસવીરો આપી.

ટ્રમ્પ ગયા બાદ ફોર્ડ મોટર કંપનીએ નિવેદન રજૂ કર્યું કે તેમના એક્ઝિક્યુટિવ ચેરમેને તેમને માસ્કર પહેરવાનું કહ્યું હતું. રાજયના એટોર્ની જનરલે એ ધમકી આપી હતી કે જો ટ્રમ્પને માસ્કર પહેરવાનું કહેશે નહીં તો ફોર્ડની વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી થશે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૩૬૩**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો :૧૩૨૭૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ૨૯**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૯૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૫૮૮૦**

## તંત્રી સ્થાનેથી...

### મલ્ટિનેશનલ કંપનીઓના દબાણ વચ્ચે આત્મનિર્ભર કે સ્વદેશ પ્રેમ ચાલશે કે નહી.....?

વિશ્વભરમાં કોરોના વાયરસ અટકવાનું નામ નથી લેતો જેના કારણે વિશ્વના દેશોને માનવ સહિત આર્થિક તંત્રને પણ હચમચાવી નાખ્યું છે. વિશ્વભરમાં કોરોનાગ્રસ્તોની સંખ્યા ૫૦.૯૧ લાખને પાર કરી ગઈ છે જ્યારે મૃતાક ૩,૨૭,૦૧૬ થી આગળ વધી રહ્યો છે. સૌથી વધુ તબાહી અમેરિકામાં સર્જાઈ છે તેનું કારણ ખુદ રાષ્ટ્રપતિ ટ્રમ્પ છે. ટ્રમ્પે કોરોનાને ગંભીરતાથી ન લેતા અમેરિકાના અર્થતંત્રને મહત્વ આપ્યું હતું. જેને કારણે કોરોનાગ્રસ્તોનો આંક ૧૬ લાખ તરફ પહોંચવાની નજીક છે. તો મૃતાંક ૧ લાખને ટચ કરવાની નજીક પહોંચી ગયો છે. ટ્રમ્પે દરેક અમેરિકન નાગરિકોને આર્થિક સહાય બેંક દ્વારા પહોંચાડી દીધી છે...દરેકના ખાતામાં ૨૦૦૦ ડોલર જમા થઈ ગયા છે પરંતુ અમેરિકન પ્રજા ટ્રમ્પથી ભારે નારાજ છે...! તે બાબત સમજી જતા ટ્રમ્પે ચીન ઉપર કોરોના ફેલાવવાનો આક્ષેપ કરવા સાથે ચીનનું માર્કેટ તોડી પાડવા કમર કસી લીધી છે. તો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ચીનના વુહાનમા તપાસ કરવા મક્કમ બન્યુ છે. આ બધું છતાં ટ્રમ્પ માટે રાષ્ટ્રપતિ પદ હાંસલ થઈ શકશે કે કેમ....?, તે મોટો સવાલ છે....! કારણ અમેરિકન પ્રજા હવે ટ્રમ્પથી વાજ આવી ગઈ છે.....! વિશ્વના અન્ય દેશોમાં ઈટલી, સ્પેન,યુરોપિયન દેશઘમાં કોરોનાએ ભારે કેર વર્તાવ્યો છે. અને આ મહામારીના સમયમાં ચીન ઈટલીમા ૩૦૦ જેટલી કંપનીઓમા પોતાનો પગદંડો જમાવી દીધઘ છે. ચીને તેની વિસ્તારવાદી નીતિ વધુ મજબૂત બનાવવા તરફ આગળ વધી રહ્યું છે..... નેપાળમાં પોતાની મનચાહી સરકાર બનાવ્યા પછી ભારતમાં ઘૂસણખોરી કરવા પ્રયત્નો કરી રહ્યું છે. ત્યારે ચીનની વિશ્વના અર્થતંત્ર અને કબજે કરવાની ચાલને ઓળખી જતા હવે અમેરિકાએ સ્ટોક એકસચેન્જ દ્વારા ચીનને ઘેરવાની શરૂઆત કરી દીધી છે.... હવે સમય બતાવશે કે ચીન કયા ખૂણામાં છે......!!

ભારતમાં લાબા સમયના **lockdown** પછી મોદી સરકારે દેશનું આર્થિક તંત્ર સુધારવા કોરોના સાથે જીવન જીવવાનું નક્કી કરી તમામ રાજ્યોને લોકડાઉન ઉઠાવવા કે જરૂરિયાત અનુસાર છૂટછાટ આપવા સત્તા આપી દીધી છે... તો દેશભરના રાજ્યો પર કેટલીક આર્થિક જવાબદારીઓ પણ થોપી દીધી છે....! અને એ પણ એવા સમયે કે દેશના મોટાભાગના રાજ્યો આર્થિક તંગી ભોગવી રહ્યા છે.... એટલા માટે કેટલાક રાજ્યોએ તે બાબતે વિરોધ કર્યો છે. ભારતમાં લોકડાઉનમા છૂટછાટ આપ્યા પછી કોરોનાગ્રસ્ત કેસોની સંખ્યા અને મૃતાક રોજે રોજ વધતો જઈ રહ્યો છે. દેશભરમા કોરોના સંક્રમિતોની સંખ્યા ૧,૧૩૦૦૦ તરફ આગળ વધી રહી છે.... તો. મૃતાક ૪૦૦૦ આંબવા તરફ આગળ વધી રહ્યો છે. છતાં સરકારે આત્મનિર્ભર નો મંત્ર આપી આમ પ્રજાને ઉત્સાહિત કરી છે.... અને દેશભરના મોટાભાગના ઔધોગિક એકમો, વિવિધ માર્કેટો ધંધા,રોજગાર શરૂ થઈ ગયા છે પરંતુ પરપ્રાંતી શ્રમજીવીઓ વતન તરફ જતા રહેતા.... પહેલાની જેમ ધમધમતા થતા લાંબો સમય લાગી જશે શકે તેવી સ્થિતિ ઉદભવવા પામી છે......!

વડાપ્રધાન શ્રી મોદીજીએ દેશના લોકોને આત્મનિર્ભર નો મહામંત્ર આપીને દેશની પ્રજાને સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદવા અને ઉપયોગ કરવા આહ્વવાન કર્યુ.... જેનો ભાગના લોકોએ અંમલ શરૂ કરી દીધો છે... જો કે દેશભરના ગ્રામ્ય જીવનમાં આજે પણ સ્વદેશી ચીજ વસ્તુઓનો જ ઉપયોગ થઈ રહ્યો છે. જે વિદેશી વસ્તુઓનો મોહ છે તે વિદેશ ગયેલાઓમા કે એનઆરઆઈ ઓ કે શ્રીમંતો, કેટલાક સાંસદો અને ધારાસભ્યો માં છે. ત્યારે વિદેશી વસ્તુઓનો મોહ કે ખરીદી આવા મહાનુભાવો બંધ કરે અને વિદેશી વસ્તુઓનો ત્યાગ કરી દે એટલે તેનો અમલ દરેક કરતા થઈ જશે... અને દેશના અર્થતંત્રની ગાડીને પાટે ચડાવવા દેશમાં જ ઉત્પાદન થયેલી ચીજ વસ્તુઓની ખરીદી વધે તે જરૂરી છે. તો ડ્જ આત્મનિર્ભર મંત્ર સાકાર થાય પરંતુ..... અમિત શાહ માટે આત્મનિર્ભર બનવાનો અમલ કરવા જતા પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું બની ગયું.... શ્રી અમિત શાહે દેશની તમામ સેન્ટ્રલ પોલીસ ફોર્સીસ કેન્ટુનોમા સ્વદેશી અપનાવવાની જાહેરાત કરી હતી અને તેનો જોરદાર રીતે અમલ શરૂ થઈ ગયો... પરિણામે વિદેશી મલ્ટીનેશનલ કંપનીઓને કરોડોનો ફટકો પડયો અને પછી મલ્ટીનેશનલ કંપનીઓનું અમિતજી ઉપર દબાણ આવી પડ્યું.....! મલ્ટિનેશનલ કંપનીઓમાં અમેરિકાની પણ છે પરિણામે ગૃહ મંત્રાલયે સ્વદેશી ચીજ વસ્તુઓ બાબતે આપેલો આદેશ ચૂપચાપ પાછો ખેંચવો પડ્યો.....! હવે કહો આત્મનિર્ભર બનવાનું કે અમિતજીનિ સ્વદેશ પ્રેમનું ગજુ કેટલું......? અને દેશના અર્થતંત્રની ગાડી પાટા પર ચડાવવાની છે..... આમાં કઈ રીતે ચડી શકે.....? વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૩/૦૫/૨૦૨૦, શનિવાર, જેઠ સુદ-૧
સૂર્યોદય-૬-૦૫, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૭-૫૪,
**આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ રોહિણી**

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
આજનો દિવસ ૧૩ કલાક ૧૬ મીનીટ, રાત્રી-૧૦ કલાક ૪૩ મીનીટ રહેશે. અભીજીત : ૧૨-૧૭થી ૧૩-૧૦ સુધી, ૭-૪૫ થી શુભ-ચોઘડીયું ૯-૨૫ સુધી, ૧૨-૪૪ થી ચલ-લાભ-અમૃત-૧૭-૪૩ સુધી, ૧૯-૨૨ થી લાભ-૨૦-૪૨ સુધી

**- શુભ હોરા-**
૭-૧૨ થી ૮-૧૮ સુધી, ૧૦-૩૧થી ૧૩-૫૦ સુધી, ૧૪-૫૭થી ૧૬-૦૩ સુધી, ૧૮-૧૬થી ૨૧-૦૯ સુધી

### સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ

# સોનું રૂ.૨૬૬ નરમ, ચાંદી રૂ.૩,૨૦૦ તેજ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સ પર ૧૫થી ૨૧ મેના સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં કુલ રૂ.૧,૪૨,૮૧૧.૦૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જે આગલા સપ્તાહે રૂ.૧,૧૦,૯૪૫.૩૨ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદામાં ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૬નો ઘટાડો હતો, જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ.૩,૨૦૦ વધી આવ્યા હતા. જોકે, ગોલ્ડ-ગિનીનો વાયદો વધીને બંધ થયો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં બેરલદીઠ રૂ.૪૪૮નો ઉછાળો હતો, જ્યારે નેચરલ ગેસમાં મિશ્ર રૂખ ભાવમાં રહી હતી. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ)માં ૧,૪૬,૯૭૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સુધારાનો સંચાર થયો હતો. એલચીમાં નરમાઈનો માહોલ હતો. કોટનમાં બેધારી ચાલ હતી, જ્યારે મેન્થા તેલમાં વૃદ્ધિ ભાવમાં થઈ હતી.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૭૧૧ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૭,૯૮૦ અને નીચામાં રૂ.૪૬,૨૪૧ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૬,૬૫૪ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૨૬૬ (૦.૫૭ ટકા)ના ભાવઘટાડા સાથે રૂ.૪૬,૩૮૮ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૭,૭૦૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૦૮ (૦.૨૯ ટકા) વધી રૂ.૩૭,૮૪૦ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૩૮,૮૬૭ અને નીચામાં રૂ.૩૭,૬૫૭ બોલાયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૬૮૬ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૧ (૦.૨૩ ટકા) વધી બંધમાં રૂ.૪,૬૮૭ના ભાવ થયા હતા. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪,૮૮૪ અને નીચામાં રૂ.૪,૬૭૮ બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૪૯૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૭,૯૬૫ અને નીચામાં રૂ.૪૬,૨૬૫ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૨૧૪ (૦.૪૬ ટકા)ની નરમાઈ સાથે બંધમાં રૂ.૪૬,૪૧૭ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૪૪,૪૯૯ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૯,૪૯૯ અને નીચામાં રૂ.૪૪,૪૯૯ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૪,૧૩૫ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩,૨૦૦ (૭.૨૫ ટકા) ઉછળી રૂ.૪૭,૩૩૫ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૪,૬૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૯,૯૮૨ અને નીચામાં રૂ.૪૪,૬૦૦ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૪,૫૧૫ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩,૨૧૧ (૭.૨૧ ટકા)ની ભાવવૃદ્ધિ સાથે રૂ.૪૭,૭૨૬ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૪,૬૧૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૯,૯૩૧ અને નીચામાં રૂ.૪૪,૬૧૦ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૩,૨૧૦ (૭.૨૦ ટકા) વધી બંધમાં રૂ.૪૭,૮૧૭ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ મે વાયદો કિલોદીઠ રૂ.૪૦૩ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૯.૫૦ (૨.૩૬ ટકા) સુધરી રૂ.૪૧૧.૭૫ બંધ થયો હતો, જ્યારે નિકલનો મે વાયદો કિલોદીઠ રૂ.૯૧૫.૧૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૫.૯૦ (૨.૮૩ ટકા) વધી બંધમાં રૂ.૯૪૦.૫૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો મે વાયદો કિલોદીઠ રૂ.૧૩૦.૪૫ ખૂલી, સપ્તાહના અંતે ૧૫ પૈસા (૦.૧૨ ટકા) ઘટી રૂ.૧૩૦.૨૦, સીસું મે વાયદો રૂ.૧૩૦.૭૫ ખૂલી, સપ્તાહના અંતે ૬૦ પૈસા (૦.૪૬ ટકા) ઘટી રૂ.૧૩૦.૧૫ અને જસત મે વાયદો રૂ.૧૫૪.૬૦ ખૂલી, સપ્તાહના અંતે ૩૦ પૈસા (૦.૧૯ ટકા) ઘટી રૂ.૧૫૪.૭૦ના સ્તરે બંધ થયો હતો.એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જૂન વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૨,૧૪૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨,૬૩૮ અને નીચામાં રૂ.૨,૧૩૫ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૪૪૮ (૨૧.૧૮ ટકા)ના ઉછાળા સાથે બંધમાં રૂ.૨,૫૬૩ના ભાવ થયા હતા, જ્યારે નેચરલ ગેસનો મે વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૨૯.૨૦ ખૂલી, સપ્તાહના અંતે ૨૦ પૈસા (૦.૧૬ ટકા) વધી રૂ.૧૨૮.૮૦ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૧૪૩.૧૦ અને નીચામાં રૂ.૧૨૫.૧૦ બોલાયો હતો. નેચરલ ગેસનો દૂર ડિલિવરીનો જુલાઈ વાયદો રૂ.૫.૮૦ (૩.૭૮ ટકા) ઘટી રૂ.૧૪૭.૭૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના વાયદાઓમાં ગાંસડીદીઠ રૂ.૧૧૦થી રૂ.૩૬૦ની રેન્જમાં વધઘટ હતી. કોટનનો મે વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૫,૬૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬,૨૩૦ અને નીચામાં રૂ.૧૫,૫૭૦ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૧૫,૬૭૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧૪૦ (૦.૮૯ ટકા)ના ભાવવધારા સાથે રૂ.૧૫,૮૧૦ના સ્તરે બંધ થયો હતો. કોટનનો દૂર ડિલિવરીનો ઓગસ્ટ વાયદો રૂ.૩૬૦ (૨.૧૬ ટકા) ઘટી બંધમાં રૂ.૧૬,૨૯૦ થયો હતો.

કપાસનો એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૯૯૨ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૯૯૮ અને નીચામાં રૂ.૯૮૫ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૯૮૫.૫૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧.૫૦ (૦.૧૫ ટકા) સુધરી રૂ.૯૮૭ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)ના ત્રણેય વાયદા ૧૦ કિલોદીઠ રૂ.૨૦.૪૦થી રૂ.૨૭.૯૦ સુધી વધ્યા હતા. સીપીઓનો મે વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૬૦૪ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૭.૯૦ (૪.૬૩ ટકા) વધી રૂ.૬૩૦.૬૦ બંધ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૬૩૧.૩૦ અને નીચામાં રૂ.૬૦૪ બોલાયો હતો.

એલચીના વાયદાઓમાં જૂન વાયદો કિલોદીઠ રૂ.૧,૬૭૩.૩૦ ખૂલી, સપ્તાહના અંતે આ વાયદો રૂ.૬૩.૨૦ (૩.૬૬ ટકા) ઘટી રૂ.૧,૬૬૧.૮૦ના સ્તરે બંધ થયો હતો.મેન્થા તેલનો મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧,૧૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૧૭૦ અને નીચામાં રૂ.૧,૧૩૧ બોલાઈ, સપ્તાહના અંતે ૯૦ પૈસા (૦.૦૮ ટકા) વધી બંધમાં રૂ.૧,૧૩૯.૮૦ના ભાવ થયા હતા.

## મોડાસા મ.લા.ગાંધી ઉ.કે.મંડળ સહિત તમામ કોલેજ પરિવાર દ્વારા રૂ.૩.૯૧ લાખનો ચેક મુખ્યમંત્રી રાહતફંડમાં અર્પણ



મોટી ઈસરોલ, તા.૨૨

ગુજરાત હાલમાં કોરોનાની મહામારી થી સંક્રમિત થયેલ છે. તે સમયે માન. મુખ્યમંત્રી શ્રી રૂપાણી સાહેબ ની અપીલ ના અનુસંધાને મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ કૉલેજ પરિવારના હોદેદારો, પ્રિન્સીપાલશ્રીઓ અને સ્ટાફમિત્રો ના સહયોગથી મુખ્યમંત્રીશ્રી ના રાહત ફંડ માં રૂ.૩,૯૧,૮૬૭/- ની રકમ નો ચેક અરવલ્લી જિલ્લા ના કલેક્ટર શ્રી અમૃતેશ ઔરંગાબાદ કર ને મંડળ ના પ્રમુખ નવીનચંદ્ર મોદી, ઉપપ્રમુખ સુભાષભાઈ, મહેન્દ્રમામા, ડોક્ટર ઘનશ્યામ ભાઈએ કૉલેજ પરિવાર વતી સુપ્રત કરેલ છે.

## કેશોદ શહેરમાં વધું ત્રણ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા કુલ ચાર કેસ થયાં



કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેરમાં આવેલા એક પોઝીટીવ કેસ ની વહીવટી કામગીરી પૂર્ણ થઈ હતી ત્યાં બીજા ત્રણ પોઝીટીવ કેસ નોંધાતાં તંત્ર દોડતું થયું છે. મુંબઈ થી તા.૧૮ મી મે નાં રોજ લકઝરી બસ દ્વારા કેશોદ ખાતે આવેલા અઠ્ઠાવીસ વ્યક્તીઓ માં થી ભાવનાબેન નીલેશભાઈ ઉ.વ. ૪૮,ગોરલબેન નીલેશભાઈ ઉ.વ.૨૮,તેજલભાઈ નીલેશભાઈ ઉ.વ.૨૦ નાં રીપોર્ટ પોઝીટીવ આવેલાં છે ત્યારે કેશોદ શહેરમાં કોરોના પોઝીટીવ ચાર કેસ નોંધાયા છે.

કેશોદ શહેરના ડીપી રોડ પર આવેલા ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં હોમ કવોરન્ટાઈન કરવામાં આવેલા ત્રાણેય વ્યક્તીઓ નો રીપોર્ટ પોઝીટીવ આવતાં સત્વરે જીલ્લા પોલીસ વડા સૌરભસિહ સ્થળ પર પહોંચી ગયા હતાં અને આસપાસના વિસ્તારનું નિરીક્ષણ કરી બફર ઝોન જાહેર કરી બહારથી આવવા જવા માટે પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. કેશોદના ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

કેશોદ નગરપાલિકા નાં પ્રમુખ યોગેશભાઈ સાવલીયા દ્વારા હોટ સ્પોટ વિસ્તારમાં થી આવતાં વ્યક્તીઓ ને હોમ કવોરન્ટાઈન સરકારી ફેસેલીટી માં રાખવા માંગણી કરી છે અને વધુમાં જણાવ્યું હતું કે આ ફેસેલીટી હેઠળ રાખવામાં ન આવે તો હોટ સ્પોટ વિસ્તારમાં થી પરત આવતાં વ્યક્તિઓ ને મંજુરી આપવામાં ન આવે. કેશોદ શહેરમાં ધડાધડ ચાર કેસ નોંધાયા છે ત્યારે શહેરીજનો માં ભયનો માહોલ સર્જાયો છે.

## શેરબજાર : વર્તમાન અને ભાવિ....

### કોરોના સંકટને પાર કરીને ભારત ખૂબ ઝડપથી વિશ્વગુરુ બનવાનાં માર્ગ તરફ પ્રસ્થાન કરશે તેવી સેવાઈ રહેલી અપેક્ષા

નૈમિષ ત્રિવેદી

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની શરૂઆતથી જ ભારત અને સમગ્ર વિશ્વ આર્થિક મંદીના ભરડામાં સપડાયું હતું અને દરેક દેશની જીડીપીમાં મોટા ગાબડાં પડી રહ્યાં હતાં ત્યારે જ ૨૦૧૯ના અંતમાં ચીનના વુહાન શહેરમાં કોરોના નામના અત્યંત ચેપી રોગનો ઉદભવ થયો અને જોતજોતામાં તે વિશ્વના ઘણાબધા દેશોમાં પ્રસરી ગયો. જેને અટકાવવા માટે દરેક દેશમાં સરકારી કે ખાનગી ધોરણે ધંધા, રોજગાર, વ્યવસાય બંધ રાખવાની ફરજ પડી, જેને કારણે આર્થિક પ્રવૃત્તિ ઠપ થતાં છેલ્લાં છ માસથી ચાલતી આવેલી મંદી વધુ ઘેરી બની. આ સંજોગોમાં વિશ્વભરના શેરબજારોમાં ગભરાટભરી વ્યાપક વેચવાલી પ્રબળ બનતાં સૂચકાંક નવા બોટમ બનાવવા લાગ્યા.

હાલ બજારમાં વિશ્વાસની કટોકટી સર્જાઈ છે, રોકાણકારોનું મોરલ ખરડાઇ ગયું છે, નીચા મથાળે બ્લૂચિપ શેરોમાં ફંડોની લેવાલી આવતાં ઉછાળા આવે છે, પણ દરેક ઉછાળે વ્યાપક વેચવાલી આવતાં ઉછાળા ટકતાં નથી અને સેન્સેકસ નવા બોટમ બનાવે છે.

કોરાનાના આ મહાસંકટનો ક્યારે અને કેવો અંત આવશે તેની અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારોનો આત્મવિશ્વાસ ડગી ગયો છે. એફએમસીજી, એગ્રીકલ્ચર, ફર્ટિલાઈઝર અને ટેક્નોલોજી સેકટરને બાદ કરતાં બાકીનાં તમામ સેકટરની કંપનીના કામકાજ ઠપ્પ થતાં આગામી ત્રિમાસિકમાં કંપનીના આવક અને નફામાં મોટાં ગાબડાં પડવાની દહેશતે નાણાં સંસ્થાઓ અને રોકાણકારો રોકાણ કરતાં ગભરાઈ રહ્યા છે.

લોકડાઉન ખુલ્યા પછી પણ અર્થતંત્રની ગાડી પાટે ચડતાં ૬ થી ૧૨ માસનો સમય લાગી શકે છે. પરંતુ આ અંધકારમય વાતાવરણમાં ભારતના ઉજ્જવળ ભવિની રૂપેરી વાદળી દશ્યમાન થઇ રહી છે, જે પ્રત્યેક દેશવાસી માટે આશાનું કિરણ બની રહ્યું છે.

સાંપ્રત વૈશ્વિક માહોલમાં કોરાના રોગના ઉદભવથી માંડીને તેના વિશ્વવ્યાપી વ્યાપક પ્રસાર બાબતે ચીનની બેદરકારી અને શંકાસ્પદ ભૂમિકાને લઈને સમગ્ર વિશ્વમાં ચીન પ્રત્યે જે પ્રચંડ રોષ, ગુસ્સો અને આક્રોશ છે તે આગામી સમયમાં ચીનની આર્થિક પાયમાલી માટેનું મોટું કારણ બની શકે છે અને ચીનની આ પીછેહઠ ભારત માટે આર્થિક ઉન્નતિનો સુવર્ણ અવસર બની શકે છે.

સમગ્ર વિશ્વના દેશોની નજર અત્યારે ભારતના સક્ષમ અને કુશળ નેતૃત્વ, ભારતની મજબૂત અને મેચ્યોર લોકશાહી તથા ભારતના ઉભરતા જતાં વિશાળ બજાર પર મંડાયેલી છે. વર્ષોથી ચીની માર્કેટ સાથે ભારતના સ્થાનિક વેપારીઓની સ્પર્ધા ચાલી રહી છે. ભારતના બજારોના અર્થતંત્ર પર ચીની બજારનું પ્રભુત્વ દેખાઈ રહ્યું છે. પરંતુ ચીનને હવે વ્યાપક મુશ્કેલી અને બહિષ્કારનો સામનો કરવાની ફરજ પડી શકે છે. ચીન સામે સંયુક્ત આક્રમક રણનીતિ તૈયાર કરવામાં આવી રહી છે. ચીનની કપટી, કુટિલ અને સરમુખત્યારશાહી નીતિથી અકળાયેલું વિશ્વ ચીનનો આર્થિક બહિષ્કારથી માંડી લશ્કરી ઘેરાબંધી કરવાની ફિરાકમાં છે, જેના ભાગરૂપે વિશ્વની ઘણી કંપનીઓએ ચીનમાંથી કામકાજ સમેટવાની શરૂઆત કરી દીધી છે, અને ભારતમાં રોકાણ કરવા આયોજન કરી રહી છે. ભારતે આત્મનિર્ભર ભારત બનાવવાની દિશામાં કૂચનો પ્રારંભ કરી દીધો છે, જેના ભાગરૂપે મોદી સરકારે ૨૦ લાખ કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી ચુકી છે. ભારતના આ આત્મનિર્ભર થવાના પ્રયાસને કારણે ચીનના ભારતમાંના વ્યાપક વેપારને મોટો ફટકો પડી શકે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી મોટામાં મોટા પડકારને કુશળતાથી ઝીલવામાં અને આફતને અવસરમાં બદલવામાં મહેર છે, તે જોતા ટૂંકાગાળાની રૂકાવટો અને પડકારો છતાં ભારતનું લાંબાગાળાનું આર્થિક ભવિષ્ય અવશ્ય ઊજળું દશ્યમાન દેખાઈ રહ્યું છે. કદાચ અતિશ્યોક્તિ લાગે, પરંતુ કોરોના સંકટને પાર કરીને ભારત ખૂબ ઝડપથી વિશ્વગુરુ બનવાનાં માર્ગ તરફ પ્રસ્થાન કરશે તેવી અપેક્ષા અવશ્ય રાખી શકાય.

## ગુજરાત ની આગવી ઓળખ એજ છે માનવ સેવા એજ ધર્મ છે-રમણલાલ પાટકર

વલસાડ તાલુકાના કાંઠા વિસ્તાર હીંગરાજ ગામે વલસાડ જિલ્લા યુવા ક્રાંતિ મિશન ૨૦૨૦ લાલ બહાદુર શાસ્રી સાર્વજનિક હાઈસ્કૂલ સુખાલા. તા.કપરાડા. જિ.વલસાડ.સ્વ બરજુલ પટેલ રાહત સમિતિ ચેરમેન વસંતભાઈ પટેલના નેતૃત્વમાં જરૂરિયાત મંદ લોકોને આવશ્યક ચીજ વસ્તુઓની કીટ વિતરણ વન પર્યાવરણ મંત્રી રમણભાઈ પાટકર અને ધારાસભ્ય ભરતભાઈ પટેલ ઉપસ્થિતિ રહ્યા હતા.વન અને પર્યાવરણ મંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું કે સમગ્ર વિશ્વ કોરોના મહામારીમાં અનેક મુશ્કેલીઓ વેઠવી પડી છે રોજી છે પણ ગુજરાન ચલાવવા વચ્ચે સરકારના આદેશ મુજબ સોશિયલ ડીટન્ટ નું પાલન કરવાનું છે.આપણી તંદુરસ્તી માટે સ્વસ્થ સુખી ઘરમાં રહેવુ સરકારના આદેશ માન સાથે પાળિયો છે જેથી કોરોના સામે જીત્યા છે. કુશળતા પૂર્વક આગળ વધિયા છે માનવ સેવા એજ આપણો ધર્મ એ સમજી સરકાર દ્વારા અનાજ આપવા આવેલ છે તેમ છતાં ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સેવા માટે આગળ આવી છે હમોએ પણ ૧૬ લાખ રૂપિયા નું ૨ રાઉન્ડમાં વિતરણ વ્યવસ્થા કરી હતી. આજે યુવા ક્રાંતિ મિશન ના વસંતભાઈ પટેલ અને યુવાનો દ્વારા બરજુલ ભાઈ નવલાભાઈ પટેલ ગુજરાત સરકાર ના મંત્રી હતા જેના નામની એક સંસ્થા બનાવી ઉત્તમ સેવા ઉપયોગી કામગીરીને બિરદાવી હતી.લોકોને શક્ય હોય એટલી સહાય કરી રહી છે,ત્યારે ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ પણ સેવા માટે આગળ આવી રહી છે એ જરૂર છે.

આજે કીટ વિતરણમાં ગામના આગેવાન બળદેવ ભાઈ,સરપંચ વંદનાબેન રાઠોડ,ડેપ્યુટી સરપંચ જીતુ ટંડેલ તાલુકા સદસ્ય ઉતમભાઈ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પારડી વાપી વલસાડ અને કપરાડા તાલુકાના તમામ ૧૩૦ ગામમાં કીટ વિતરણ કરવાનું ભગીરથ કાર્ય છેલ્લા એક મહિનાથી ચાલી રહ્યું છે. ભારત સરકાર અને ગુજરાત સરકારના આમ જનતાને લૉકડાઉન થી ઘરોમાં રહો અને સુરક્ષિત રહો. તથા ભારતના પ્રધાનમંત્રી દ્વારા સામાન્ય જનતાને ભૂખ્યાંને ભોજન માટે કીટ ૧૩૦ ગામમાં સરાસરી ૮ થી ૧૦ અનાજ કીટનું વિતરણ તથા વલસાડ જિલ્લાના અન્ય પાંચ તાલુકામાં ૨૦૦ થી ૨૫૦ અનાજ કીટનું વિતરણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સરકારી વહીવટ તંત્રના માર્ગદર્શન હેઠળ અને સરપંચો ડે. સરપંચ તાલુકાના સદસ્યો જિલ્લા પંચાયતના સદસ્ય અને યુવાનો સામાજીક અગ્રણીઓ સાથે જરૂરિયાત મંદ લોકો સુધી પહોંચી સરાહનિય કાર્ય કરવા આવ્યુ છે

# કોરાના : નેગેટિવ-પોઝિટિવ ઈમ્પેક્ટ

## ઘણીબધી કંપનીઓએ 'વર્ક ફ્રોમ હોમ'નો નવો કોન્સેપ્ટ સ્વીકારીને આવનારા સમય માટે ખોલી છે કાર્ય કરવાની એક નવી ક્ષિતિજ

નૈમિષ ત્રિવેદી

૨૦૧૯નાં અંત ભાગથી ઉદભવેલ અને ૨૦૨૦ના ઉદય સાથે વિશ્વના મોટાભાગના દેશોને ઝડપથી ખતરનાક ભરડામાં લેનાર કોરાના મહામારીએ સમગ્ર માનવજાતનાં જનજીવનને તહસ-નહસ કરી નાંખ્યું છે. લોકોની રહન-સહનથી લઈને વ્યાપાર, ધંધા-રોજગાર, વ્યવસાયિક, સામાજિક, ધાર્મિક, રાજકીય કે વ્યવસાયિક મેળાવડાનું સમીકરણ ધરમૂળથી બદલી નાંખ્યું છે. 'સમય નથી - સમય નથી'ની રાડો પાડનાર ઉદ્યોગપતિ, વેપારી, સેલ્સ-માર્કેટિંગ એક્ઝિક્યુટિવ હોય કે કન્સ્ટ્રકશન કે રોડ નિર્માણની દસ-બાર કલાકની કાળી મજૂરી કરનાર શ્રમિક હોય આ તમામને ફરજીયાત નવરાં ધૂપ કરીને ઘરોમાં કેદ કરી દીધાં છે.

વિશ્વની બીજા ક્રમાંકની સૌથી વધુ ૧૩૫ કરોડની જનસંખ્યા ધરાવતા વિશાળ દેશનું સતત ધબકતું, દોડતું રહેતું જનજીવન થંભી ગયું છે. ક્યારેય નહિ ઊંઘતું મુંબઈ જેવું મહાનગર ધોળા દિવસે સૂમસામ ભાસી રહ્યું છે. બિલ્ડીંગ કન્સ્ટ્રકશન, રોડ-રસ્તાનાં કામો, મેટ્રો, બુલેટ ટ્રેન અને ગટર-ડ્રેનેજનાં અવિરત ચાલતાં કામો ખોરંભે પડી ગયાં છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૨ માર્ચ રવિવારનાં રાજ 'જનતા કરફ્યુ'નાં કરેલાં આહવાનને અભૂતપૂર્વ સફળતા મળ્યા બાદ, તા. ૨૫મી માર્ચથી સમગ્ર દેશમાં સંપૂર્ણ લોકડાઉન કર્યા બાદ આજે દેશમાં લોકડાઉનનો ચોથો તબક્કો ચાલી રહ્યો છે. કોરોનાનાં રોગનો કોઈ અસરકારક ઈલાજ કે વેક્સિન શોધાઈ ન હોવાથી, તેને અંકુશમાં રાખવા અને પ્રસરતો અટકાવવા માટે લોકડાઉન જ સૌથી સુરક્ષિત અને કારગર ઉપાય છે.

વિશ્વનાં અત્યંત આધુનિક તબીબી સુવિધાઓ ધરાવતાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, રશિયા અને સ્પેન જેવાં સંપન્ન દેશોમાં કોરોનાનાં સંક્રમણે જે કહેર મચાવ્યો છે તે જોતાં ભારત જેવાં વિશાળ, ગીચ વસ્તી અને નબળી આરોગ્ય સુવિધા ધરાવતાં દેશમાં આ રોગનાં પ્રસારને અટકાવવા કેન્દ્ર અને રાજ્ય સરકારે સાથે મળીને ભગીરથ પ્રયાસો હાથ ધર્યા છે. આ રોગથી બચવા માટેનાં ઉપાયો અંગે લોકોને જાગૃત કરવા માટે સરકારી તંત્ર, પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક માધ્યમો એમ તમામ સ્તરે વ્યાપક ઝૂંબેશ ચલાવાઈ છે.

સમગ્ર વિશ્વનાં અર્થતંત્રને અસ્તવ્યસ્ત અને ચોપટ કરી દેનાર આ મહામારીએ ભારતનાં છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી આર્થિક મંદીને વધુ ગહેરી બનાવી છે. અત્યારે કેન્દ્ર અને રાજ્યોની તમામ સરકારોનું ફોકસ આ સંકટનો સામનો કરવામાં કેન્દ્રીત થયેલ છે. સરકારનાં તમામ સંસાધનો અને ડિપાર્ટમેન્ટ આ રોગને અંકુશમાં રાખવાનાં પ્રયાસોમાં દિન-રાત કાર્યરત છે.

કોરાના મહાસંકટની આ બધી વિપરીત અને નકારાત્મક અસરો સામે કેટલીક આ મહામારીની 'બાય-પ્રોડક્ટ' તરીકે કેટલીક સારી અને હકારાત્મક બાબતો સામે આવી રહી છે.

ખાસ તો આટલી વિશાળ ગીચ વસ્તી વિવિધતા ભરી વસ્તી ધરાવતા દેશમાં જે રીતે શાસન અને પ્રજા એકજૂટ થઈને આ સંકટ સામે ઝઝૂમી રહી છે તેને સમગ્ર વિશ્વ અચંબાથી જોઈ રહ્યું છે. લગભગ ૩૩ કરોડની વસ્તી ધરાવતું અમેરિકા આ રોગને કાબૂમાં લેવા માટે સૌથી વધુ અસરકારક અને જરૂરી એવું લોકડાઉનનો સત્તાવાર નિર્ણય લેવા અંગે અવઢવમાં હોય ત્યારે ભારત જેવાં ૧૩૫ કરોડની વિશાળ વસ્તી ધરાવતાં દેશમાં સતત ૫૫ કરતાં પણ વધારે દિવસનું અસરકારક લોકડાઉનનું અમલીકરણ જોઈને ભારતનાં શાસન અને પ્રજા માટે સમગ્ર વિશ્વ અહોભાવ અનુભવી રહ્યું છે.

કંપનીની ઓફિસમાં ફિઝિકલી જઈને જ કામ થઈ શકે એવી સંકુચિત સોચમાંથી બહાર આવવાનો મોકો આ લોકડાઉને આપ્યો છે. ઈન્ફર્મેશન ટેકનોલોજી, સોફ્ટવેર, કોલ-સેન્ટર, બ્રોકરેજ હાઉસીસ, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે ઘણીબધી કંપનીઓએ 'વર્ક ફ્રોમ હોમ'નો નવો કોન્સેપ્ટ સ્વીકારીને આવનારા સમય માટે કાર્ય કરવાની એક નવી ક્ષિતિજ ખોલી છે. ભવિષ્યમાં આ કોન્સેપ્ટનો વ્યાપક અમલ કરવામાં આવે તો ભારત જેવા ગીચ ટ્રાફિક ધરાવતાં મહાનગરોમાં ટ્રાફિક-જામ, પેટ્રોલ-ડીઝલની બચત, અપ-ડાઉનનાં સમયની બચત તથા કલાકો લાંબા ટ્રાફિક-જામથી ઉદભવતા માનસિક અને શારીરિક તનાવમાંથી મુક્તિ મળી શકે અને આ બચેલાં સમયનો વધુ પ્રોડક્ટિવ ઉપયોગ થઈ શકે. ટ્રાન્સપોર્ટેશન અને ઓફિસ સ્પેસનો ઘણો મોટો ખર્ચ બચી શકે.

મુંબઈ, દિલ્હી, બેંગ્લોર, હૈદરાબાદ જેવા શહેરોમાં જાહેર પરિવહન ઉપરનું ભારણ ઘટી શકે. પેટ્રોલ-ડીઝલના અતિશય વપરાશને કારણે પેદા થતાં નાઈટ્રોજન ડાયોક્સાઈડ અને કાર્બન ડાયોક્સાઈડ જેવાં ઝેરી વાયુઓનું પ્રદૂષણ કંઈક અંશે અંકુશમાં આવી શકે.સરકાર આ તબકકે ગ્રીન એનર્જી પર ફોકસ પૂરી ક્ષમતાથી એગ્રેસિવ થઈને સૌર ઉર્જા, જળ ઉર્જા જેવાં માધ્યમોને વ્યાપક બળ આપે તો કાર્બન એમિસનની સમસ્યા પર ઘણી રોક લગાવી શકાય.

કોરાનાનો રોગ નબળી રોગ પ્રતિકાર શક્તિ ધરાવતી વ્યક્તિને જલ્દી લાગુ પડે છે, એવું પૂરવાર થતાં નવરાશનાં આ સમયે ઘણાબધાંએ યોગ, મેડિટેશન, શારીરિક કસરતો અને ઘરમાં જ સુલભ એવા આપણા રસોડાનાં રાજા એવાં આદુ, સૂંઠ, ગંઠોળા, તજ, લવિંગ, મરી, તુલસી, હળદર, લીંબું, મધ જેવા ઘરગથ્થુ ઔષધીઓનાં ઉકાળાથી પોતાની ઈમ્યુનિટી ઈમ્પ્રુવ કરી છે, જે આગામી સમયમાં ફક્ત કોરોના જ નહિ, પરંતુ સંક્રમણના આવા અનેક રોગોથી બચાવતા આરોગ્યને લગતાં ખર્ચમાં ઘણી મોટી બચત થઈ શકે છે.

'શોધ એ જરૂરિયાતની જનેતા છે' એ યુક્તિને સાચી પાડતાં આપણાં દેશમાં માર્ચ માસનાં પ્રારંભ સુધી આરોગ્ય કર્મચારીઓ માટે જરૂરી એકપણ પીપીઈ (પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ) નહોતું બનતું, ત્યાં આજે રોજનાં ૨ લાખ પીપીઈ તૈયાર થઈ રહ્યાં છે. દેશનાં સાહસિક ઉદ્યોગપતિઓ અને કાબેલ એન્જિનિયરોએ પોતાની ઈનોવેટિવ સ્કીલથી મશીનરીમાં આવશ્યક ફેરફારો કરીને પીપીઈ, હેન્ડ ગ્લોવ્ઝ અને માસ્કનું મોટાપાયે ઉત્પાદન ચાલું કરી દીધું છે, જે આગામી સમયમાં ભારત માટે નવા બજારની દિશા ખોલશે.

વિશ્વનાં ફાર્મા ઉદ્યોગમાં મોટો હિસ્સો ધરાવતાં ભારતની ફાર્માસ્યુટિકલ કંપનીઓનો વિશ્વમાં ભારે દબદબો છે. તાજેતરનાં કોવિડ-૧૯નાં આ રોગનાં ઉપચારમાં અસરકારક એવી હાઈડ્રોક્સીક્લોરોક્વિન નામની કેપ્સ્યુલનો મોટો જથ્થો ભારતની કંપનીઓએ મોટા પ્રમાણમાં ઉત્પાદન કરીને વિશ્વનાં ઘણાં દેશોને પહોંચાડ્યો છે. કટોકટીનાં આ સમયે ભારતની આ માનવીય અભિગમથી વિશ્વભરનાં દેશોમાં ભારતનાં વસુધૈવ કુટુમ્બકમનાં આદર્શ વિચારને આદરથી જોવાઈ રહ્યો છે. સંકટનાં સમયે મળેલી આ સુવર્ણ તકને ભારત આગામી સમયમાં બહોળા વૈશ્વિક વ્યાપારમાં તબદિલ કરી શકે છે.

વ્યક્તિગત રીતે પણ આ સંકટ ઘણી હકારાત્મક બાબતો લઈને આવ્યું છે. બે છેડાં ભેગાં કરવાની મથામણમાં પડેલો સામાન્ય માનવી હોય કે પછી ધનકુબેરોનાં લિસ્ટમાં ટોચનું સ્થાન મેળવવા સતત ઉજાગરા કરી રહેલા ઉદ્યોગપતિ હોય - સૌને પરાણે ઘરમાં કેદ કરી દેનાર આ આપદાએ દરેકને પોતાનાં ઘર-પરિવાર તથા પોતાની જાત સાથે જીવવાનો અનમોલ અવસર આપ્યો છે. નવરાશનાં આ સમયે ઘણાબધાની અવનવી મૌલિકતા અને સર્જનાત્મકતા બહાર આવી છે. ઘણાબધાએ પોતાનાં વર્તમાન ધંધા-રોજગાર, વ્યવસાય કે જોબની અનિશ્ચિતતા જણાતાં વૈકલ્પિક તકો અંગે પોતાની જાતને સજ્જ કરી છે, જેથી આવનારા સમયમાં આવકની નવી તકો મળી રહે.

કેટલાકે કબાટમાં ધૂળખાતાં પડી રહેલ સારાં પુસ્તકો પરની ધૂળ ખંખેરીને વાંચનની ભૂખ સંતોષી નવી તાજગી મેળવી છે, તો કેટલાંકે ઘરકામમાં હાથ અજમાવીને જરૂરી રસોઈ કે નવી વાનગીઓ બનાવી આફતનાં સમયે સ્વાશ્રયી બનવાની તૈયારી કરી લીધી છે. આમ, દરેક ઘટનાની સારી અને નરસી બે બાજુ હોય છે, કોરાના સંકટની ઘણીબધી કડવી અને કઠોર અસરો વચ્ચે કેટલીક સારી ને અને હકારાત્મક અસરો પણ છે. ઈતિહાસ સાક્ષી છે કે કાળામાથાનાં માનવીએ દરેકે આફતને પણ અવસર તરીકે સ્વીકારીને હંમેશા નવી ઊંચાઈઓ સર કરી છે. આ સંકટ પણ માનવજગત માટે કંઈક નવી દિશા અને નવી તક લઈને આવશે એવી અપેક્ષા અસ્થાને નથી જ. હોપ ફોર બેટર.




## ન્યુઝ ઓફ ગાંધીનગર

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યુઝ ઓફ ગાંધીનગર" સાહિત્યિક ગ્રુપ મેમ્બર શીપ મેળવવા માટેના કેટલાક નિયમો નીચે મુજબ છે.

૧) ન્યુઝ ઓફ ગાંધીનગરની સ્પર્ધામાં ભાગ લેવાં member ship cardજરૂરી છે .

૨) મેમ્બર શીપ કાર્ડ ની ફી વાર્ષિક ફી ૨૦૦ રુ છે.

૩) જેમાં એક વર્ષની membership સાથે સાહિત્યનાં પ્રોગ્રામ,સ્પર્ધા મા વિના મૂલ્યે પણ ભાગ લઈ શકાશે.

૪) મેમ્બર બન્યાં પછી ગ્રુપ તેમજ ન્યુઝ પેપર ના નિયમોનું પાલન કરવું પડશે.

૫) મેમ્બર બન્યાં પછી તંત્રી પ્રદીપભાઈને કોઈ પોતાની રચના છાપવા માટે દબાણ કરી શકશે નહિ .સ્પર્ધામાં વિજેતા થનાર ની જ રચના છપાશે.

૬) જો કોઈ નિયમોનું ઉલંઘન કરશે એની membership રદ કરવામાં આવશે.

૭) મેમ્બર શીપ આપવાનો હકક અને રદ કરવાનો હકક ન્યુઝ ઓફ ગાંધીનગરને સ્વતંત્ર રહેશે.

૮) મેમ્બર બનવાં માટે ફોર્મમાં તમારી વિગત લખીને આપવી પડશે અને આપેલાં નંબર પર payTM ટોકન ફી નું કરવાનું રહેશે .
PAYTM No-09824653073

૯) સાહિત્યિક લખાણ બાબતે યોગ્યતાને અનુલક્ષી ને સાહિત્યિક કમિટી સહયોગીઓનો નિર્ણય ફાઈનલ રહેશે. પ્રારંભિક તબક્કે સ્પર્ધા આયોજક જીજ્ઞા કપૂરિયા ને પૂછવાનું રહેશે.

૧૦) સ્પર્ધાનાં નિર્ણાયકનો નિર્ણય સર્વે ભાગ લેનાર ગ્રૂપ મેમ્બર તેમજ આયોજક ,સહ આયોજક અને ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્યિક કમિટી ને માન્ય રાખવાનો રહેશે.

.૧૧) ગ્રૂપ બાબતે કોઈપણ ભાષાકીય.કોપીરાઇટ બાબતે તેમજ અન્ય કોઈપણ તકરાર બાબતે ન્યાય ક્ષેત્ર ગાંધીનગર રહેશે કેમકે ન્યુઝ ઓફ ગાંધીનગરનું પ્રસિદ્ધિનું સ્થળ રજીસ્ટ્રેશન ગાંધીનગર છે.

૧૨)કાર્ડ નો ઉપયોગ ફક્ત ન્યુઝ ઓફ ગાંધીનગરનાં સાહિત્યિક ગ્રૂપની સ્પર્ધા તેમજ ન્યુઝ ઓફ ગાંધીનગર ગ્રૂપ આયોજિત સાહિત્યનાં કાર્યક્રમમાં ભાગ લેવા તેમજ એન્ટ્રી પાસ તરીકે કરવાનો રહેશે.બીજે સરકારી કે બિન સરકારી ક્યાંય પણ ઓળખપત્ર તરીકે ઉપયોગ થઈ નહિ શકે અને થશે તો તંત્રીની કોઇ જવાબદારી રહેશે નહિ એ ખાસ ધ્યાનમાં લેવું....

૧૩) Membership card30 જૂન સુધીમાં માત્ર રૂ.૨૦૦ આપીને મેળવી લેવાનું રહેશે..જેથી મેમ્બરને જૂન થી ડિસેમ્બર ૨૦ સુધીની ફ્રી membership લાભ મળી શકે..જૂન બાદ જે મેમ્બરને Membership લેવી હોય તેમને ૬ માસ ના(જૂન થી ડિસેમ્બર,૨૦) ના ૧૦૦ રૂપિયા નવી membership રકમ રૂ.૨૦૦ સાથે એક્સ્ટ્રા (Jan 2021 thi Dec .2021) એટલેકે કુલ ઇજ.૩૦૦ આપવાના રહેશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર એડમિન પેનલ
ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્યિક ગ્રુપ કમિટી
તંત્રી-પ્રદીપભાઈ રાવલ
સંચાલક-જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક
પ્રણવભાઈ ઝાંખર
મનીષ વોરા
નિર્ણાયક શ્રી
જયશ્રીબહેન પટેલ
કિશોરભાઈ ઠક્કર
વંદનાબહેન વાણી
સહાયક
આરતી મર્ચંટ
આરતી રામાણી

ફોર્મ ની વિગત ગ્રુપ મા ભલામણ થી મોકલી શકાશે.

Name: Nikname : : Birth date : writing skill : Add : Email : Mob N : clear Photo







## ન્યુઝ ઓફ ગાંધીનગર

ન્યુઝ ઓફ ગાંધીનગર.

રસપાન (૭)

॥ सात ॥

पर्वताप्रमाणे पातक करणें । वज्रलेप होणें अभक्तासी ॥१॥

नाहीं ज्यांसी भक्ति ते पतित अभक्त । हरिसी न भजत दैवहत ॥२॥

अनंत वाचाळ बरळती बरळ । त्यां कैंचा दयाळ पावे हरि ॥३॥

ज्ञानदेवा प्रमाण आत्मा हा निधान । सर्वांघटीं पूर्ण एक नांदे ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૭

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને આ અભંગ દ્વારા સંસારી અને વિકારવશ લોકોનું વર્ણન કરે છે.સ્વાર્થ માટે કેટલાક લોકો મોટા પાપ કર્મ કરે છે.ચોરી,અસત્ય બોલવું - વ્યભિચાર,મદ્યપાન(દારૂપીવો),હત્યા,વંશનો વિચ્છેદ,નાના પ્રકારના માનવી અને પ્રાણી સાથે છળ કરવું ,આવા અનેક દુષ્ટ કૃત્ય કરે છે.ભગવાનની ભક્તિ તરફ તે વળતાં નથી. તેઓ ભગવાનનું નામ સ્મરણ કરતાં નથી,દેવ પૂજા કરતાં નથી,તીર્થક્ષેત્રની યાત્રા કરતા નથી.દયામાયા રાખતા નથી,પરોપકાર કરતા નથી,સદાચાર નું આચરણ કરતા નથી.સારી વર્તુણુક પણ કરતા નથી.આવા માનવોનું પાપ ખૂબ વધે છે.તે

ક્યારેય નાશ પામતું નથી,એ નિશ્ચિત છે.તેઓ એ જ સ્વભાવને વિંટળાયેલા રહે છે.આવા માનવોની ઉત્ક્રાંતિ થતી નથી,તે એ માર્ગેથી પાછા પડે છે.તેની અધોગતિ થાય છે.

બીજુ કે તેઓ નાના પ્રકારની સાંસારીક વાતો જ

બોલ્યા કરે છે.અપશબ્દ બોલે છે,બડબડાટ કર્યા કરે છે,

જરાવાર માટે ચૂપ બેસતો નથી,તેથી તેને શ્રી હરિ કેવી રીતે પ્રાપ્ત થાય? હરિનું નામ સુધ્ધા તે લેતો નથી.

તેને મારે એટલુ જ કહેવું જોઈએ કે ,"શ્રી હરિ એટલે જ આત્મા.તેથી જ પાપ કરી આ આત્મા પાસે નીચ થવું નકામું છે. તેવી જ રીતે શ્રી હરિ સર્વ પ્રાણિમાત્રમાં તેમજ પદાર્થમાં એક જ સ્વરૂપે છે.આત્મારૂપી તે સર્વ માં વાશ કરે છે.અને તેથી કિંમતી સમજીને સાચવવો જોઈએ.એજ પરમશ્રેષ્ઠ નિધાન (ધન દૌલત) છે.

અનુવાદ : જયશ્રી પટેલ ૨૦/૫/૨૦૨૦

:

રસપાન (૮)

॥ आठ ॥

संतांचे संगतीं मनोमार्ग गति । आकळावा श्रीपति येणें पंथें ॥१॥

रामकृष्ण वाचा भाव हा जीवाचा । आत्मा जो शिवाचा राम जप ॥२॥

एकतत्व नाम साधिती साधन । द्वैताचें बंधन न बाधिजे ॥३॥

नामामृत गोडी वैष्णवां लाधली । योगियां साधली जीवनकळा ॥४॥

सत्वर उच्चार प्रल्हादीं बिंबला । उद्धवा लाधला कृष्णदाता ॥५॥

ज्ञानदेव 6हणे नाम हें सुलभ । सर्वत्र दुर्लभ विरळा जाणे ॥६॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૮

શ્રી જ્ઞાનદેવ હરિપાઠમાં પોતાના ભક્તને કંઈક જુદુજ મહત્ત્વ સમજાવતાં કહે છે કે,"હે ભક્ત,સંતની નજીક જાઓ અને માનસિક રૂપે ભક્તિનો માર્ગ કયો છે તે સમજો.ભગવાનની ભકિત અંતઃ કરણથી કરો,બાહ્ય ઉપચારોથી નહિ.તન-મન ને બુધ્ધિ પ્રભુમાં મગ્ન કરવા જોઈએ.

ગીતાનાં બારમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે

કે," તું તારૂ મન મારામાં સ્થિર(મગ્ન) કર અને તારી બુધ્ધિથી મારું જ ચિંતન કર એટલે કે હે ભક્ત તારું જીવન મારા સ્વરૂપમાં પ્રવેશ કરશે."

સંતો પાસે મનનો અભ્યાસ પૂર્ણ શીખીને મનનાં માર્ગે ,મનને એકરૂપ કરી શ્રીપતિ જે પ્રભુ છે તે જ તેનું સ્વરૂપ સમજી શકશે.શિવશંકર પોતે જ આત્મારૂપે રામનામનો જપ કરે છે.જે ભક્ત છે તેના મનમાં એક જ પ્રભુ રૂપી સાધના છે. જેના દ્વારા હું અને તું, મારૂ ને તારૂ,આપણું ને પારકું, જાડું અને પાતળું, ઠંડું ને ગરમ,

સારૂ ને નરસું ,અને સત્ય ને અસત્ય એવી દ્વૈતાત્મક દૃષ્ટિ

ઉત્પન્ન થતી નથી.હરિ નામે અમૃત સરખું મીઠું છે.પ્રભુનું નામ સ્મરણોએ જ ખરો યોગ અને નામયોગ ભક્તોનાં જ જીવનમાં ઉત્તમ પ્રકારે અને કેવી રીતે સાર્થક(સફળ) કરવું તે સમજાશે.

પ્રહલાદ હંમેશાં પ્રભુ(હરિ)નું નામ સ્મરણ કરતા ,તેથી તેને હરિની પૂર્ણ કૃપાનો લાભ મળ્યો હતો. તો કૃષ્ણ જેવા ઉદાર દાંતા ઉધ્વજીને પ્રાપ્ત થયા હતા.

પ્રભુ નામ સરળ સાધન છે, પણ સામાન્યતઃ જોવા જઈએ તો ઘણાં લોકોને તેનું જ્ઞાન જ નથી.

જ્ઞાનેશ્વર કહે છે કે,"માનવ કે ભક્તો સંતોની સંગતીમાં રહીને જ હરિપાઠનું રહસ્ય પામી શકે છે.

અનુવાદ :જયશ્રી પટેલ ૨૧/ ૫/૨૦૨૦

:. રસપાન (૯)

॥ न ?ऊ ॥

विष्णुविण जप व्यर्थ त्याचें ज्ञान । रामकृष्णीं मन नाहीं ज्याचें ॥१॥

उपजोनी करंटा नेणें अद्वय वाटा । रामकृष्णीं पैठा कैसा होय ॥२॥

द्वैताची झाडणी गुरुविण ज्ञान । तया कैचें कीर्तन घडे नामीं ॥३॥

ज्ञानदेव 6हणे सगुण हें ध्यान । नामपाठ मौन प्रपंचाचे ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૯

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને કહે છે કે,"મનથી પ્રેમથી વિષ્ણુંનું ધ્યાન ધરવું જોઈએ અને પછી જ તેના જપ કરવાં જોઈએ,જ્ઞાનમાર્ગે તેનો અભ્યાસ કરવો જોઈએ. એવુ જરૂર થાય કે જેનું મન રામમાં, કૃષ્ણમાં ,વિષ્ણુંમાં,ધ્યાનસ્થ થઈને રંગાય નહિ,તે નામનો ખાલી જાપ કર્યા કરે, તેણે આધ્યાત્મિક માર્ગે શબ્દજ્ઞાન પ્રાપ્ત કર્યુ હોય તો પણ તે આડંબર તેનો વ્યર્થ જાઈ છે.

તેનું ચિત્ત હરિમાં જોડાયેલું કે એકરૂપ થતું નથી. એટલે કે તે અદ્વૈત્યનો માર્ગ જાણતો નથી.તેનો જન્મ જ વ્યર્થ (બેકાર) જાય છે.તેનું ચિત્ત રામકૃષ્ણમાં સ્થિર કેવી રીતે થશે? ગુરૂની કૃપા સિવાય દ્વૈતામાં રસ ઉત્પન્ થવાનો નથી અને જો તે નથી તો તેને નામ સંકીર્તનની પ્રિત ક્યાંથી લાગશે?

સગુણ અર્થાત્ સર્વગુણસંપન્ન એવા શ્રી હરિનું ધ્યાન કરવું અને પ્રપંચમાં કે બીજી બધી વાતોમાં કે પંચાતમાં ન પડતાં મૌન રહેવું અને જો જીભ દ્વારા ન રહેવાય ને બોલવું જ પડે ને ઉચ્ચારવું પડે તો ઈશ્વર નામનો જ ઉચ્ચાર કરવો.

આ પાઠમાં(અભંગમાં) શ્રી જ્ઞાનદેવ ભક્તોને ભકિત માર્ગમાં વિષ્ણુ (શ્રી હરિ)નાં માનસિક ધ્યાનની અને અદ્વૈત્તની મહત્વના સમજાવી છે, પ્રપંચને મહત્વ ન આપતા મનથી આપણાં ગમતા દેવનું ધ્યાન જ ધરવું , રામનું,કૃષ્ણનું , ને વિષ્ણુંનું જે રૂપ ગમે તે મનમાં ધરી તેના માટે સતત પ્રેમનો વર્ષાવ મનથી કર્યા કરવો.એ જ મહત્વનું છે.

અનુવાદ :જયશ્રી પટેલ ૨૨/૫/૨૦૨૦

### કેશોદ શહેરમાં વેપારીઓ દ્વારા ઓડ-ઈવન પધ્ધતિ નાં વિરોધ

# કાપડબજાર,કટલેરી બજાર અને મોબાઈલ નાં ધંધાર્થીઓ એ બંધ પાળ્યો

કેશોદ: (રાજુભાઈ ઊ)

કેશોદ શહેરમાં સરકાર દ્વારા કોવીડ-૧૯ માં લાગું કરવામાં આવેલ લોકડાઉન-૪ ની ગાઈડ લાઈન મુજબ ઓડ-ઈવન પધ્ધતિ નો કેશોદ શહેરમાં વિરોધ કરવામાં આવ્યો છે.





આજરોજ કાપડબજારમાં એકી બેકી સંખ્યા મુજબ દુકાનો તંત્ર દ્વારા બંધ કરાવવામાં આવતાં તમામ વેપારીઓએ ધંધા રોજગાર બંધ રાખી વિરોધ કર્યો હતો. કેશોદ શહેરમાં કટલેરી નાં વેપારીઓ અને મોબાઈલ એશોશીએસન દ્વારા ધંધા રોજગાર બંધ રાખી લેખિત રજૂઆત કરી હતી. સરકાર દ્વારા સત્વરે નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં કેશોદ સજ્જડ બંધ રાખવાની ચીમકી આપી છે. કેશોદ નગરપાલિકા દ્વારા ઓડ-ઈવન પધ્ધતિ હેઠળ લગાવવામાં આવેલાં સ્ટીકરો માં વ્હાલાં દવલાની નિતિ રાખી એક જ ધંધાનાં સ્થળે એકી બેકી બન્ને સ્ટીકરો લગાવી વિવાદ માં આવ્યા છે.

### અરવલ્લી જિલ્લાના ૧૨ ગામના સરપંચો સાથે વિડીયો કોન્ફરન્સ કરાયો વાર્તાલાપ

# જિલ્લા કલેકટર શ્રી અમૃત્તેશ ઔરંગાબાદકરે ગામોમાં લોકડાઉનના ચુસ્ત અમલ અંગે વાત કરી

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના પ્રભાવ ગ્રામ્ય વિસ્તારમાં પ્રભાવ જોવા મળી રહ્યો છે ત્યારે ગામલોકોમાં જાગૃતિ આવે તે માટે જિલ્લા કલેકટર શ્રી અમૃત્તેશ ઔરંગાબાદકરે ૧૨ ગામના સરપંચો સાથે વિડીયો કોન્ફરન્સિગથી વાર્તાલાપ કરી જરૂરી સાવચેતી રાખવા જણાવ્યું હતું. કલેકટરશ્રીએ જિલ્લાના ભિલોડા તાલુકાના વેજપુર,લીલછા, મેઘરજ તાલુકાના રેલ્લાવાડા, ઉન્ડવા માલપુર તાલુકાના મહિયાપુર,ઉભરાણ, ધનસુરા તાલુકાના ધનસુરા અને શિણોલ, મોડાસા તાલુકાના સબલપુર અને લીંભોઇ બાયડ તાલુકાના માધવકંપા અને ચોઇલા ગ્રામ પંચાયાતના સરપંચશ્રીઓ જોડે વિડીયો કોન્ફરન્સથી સંવાદ કર્યો અને તેમની કામગીરી ને બીરદાવી તેમને સાવચેત કર્યા કે હવે આંતર ડિસ્ટ્રીક્ટ લોકોની અવરજવર ચાલુ થઈ ગઈ હોવાથી હવે ગામમાં આવતા નવા લોકોની જાણ તંત્રને કરે મુવમેન્ટ રજીસ્ટર રાખે તેમજ આરોગ્ય તંત્ર ને પણ કરે અને તેમણે હોમ કોરોંટાઈન કરવાની સલાહ આપે તેમજ તેમનો ભંગ કરે તો તેની જાણ પણ તંત્રને કરે તેમજ આરોગ્ય સેતુ એપ નો યુઝ વધુ માં વધુ કરાવે એવી અપીલ કરી તેમજ ઉકાળા ના વિતરણ તેમજ ગામ સેનેતાઈઝ કરવા ઉપર પણ ભાર મૂકવા આવ્યો આવશ્યક ચીજ વસ્તુઓ લોકો ને ઘરે બેઠા મળે તેનું પણ ફોલોપ લેવા જણાવાયું તેમજ જે લોકો ડિસ્ચાર્જ થઈને આવે તેમને ૭ દિવસ હોમ કોરોંટાઈન રહે તેવું જણાવાયું ગામના વડીલો અને બાળકો બીના જરૂરે ઘરથી બહાર જતાં ટાળે તેમજ તેમની સારા સંભાળ પર ભાર મૂકવામાં આવ્યો હતો તેમજ ગ્રામ માં કોઈ પ્રશ્ન હોય તેનો પણ ફીડ બેક મેળવ્યો હતો.



અરવલ્લી જિલ્લાના ગામોમાં જ્યાં કોરોના પોઝિટિવના કેસ મળી આવ્યા છે તેવા વિસ્તારોમાં કન્ટેન્ટમેન્ટ ઝોન હેઠળ આવરી લેવાય છે. જેમાં આ વિસ્તારમાં લોકોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ઝડપથી મળી રહે તે માટે સ્થાનિક કક્ષાએ વ્યવસ્થા ઉભી કરવાથી માંડીને કન્ટેટમેન્ટ ઝોન વિસ્તારમાં ફરજીયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિગનું ખાસ ચુસ્તપણે પાલન કરવા સૂચના આપી હતી. તો વળી જે ગામમાં કોરોનાના કેસ મળી આવ્યા છે તેવા ગામમાં કોરોનામુક્ત થઈને આવતા દર્દીઓને ફરજીયાત પણે હોમ કોરોન્ટાઈન થાય તેની ખાસ ધ્યાન રાખવા ભારપૂર્વક જણાવ્યું હતું. તો ગામમાં અન્ય લોકાના અવર-જવર પર પ્રતિબંધ તેમજ લોક ડાઉન દરમિયાન લોકોને ઘરની બહાર ન નીકળવા માટે અપીલ કરી હતી. સાથો સાથે દરેક ગ્રામજનો આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા તેમજ ગામને વારંવાર સેનેટાઇઝ કરવા માટે જણાવ્યું હતું. પોતાના ગામને કોરોનામુક્ત રાખવા માટે ખાસ તકેદારી રાખવા સરપંચોને માહિતગાર કર્યા હતા.

# અરવલ્લીના ૭ ખરીદી કેન્દ્ર પરથી ટેકાના ભાવે ૨૨૬૯ ક્વિન્ટલ ઘંઉની ખરીદી શરૂ કરાઇ

સમગ્ર અરવલ્લી જિલ્લમાં ખેડૂતાના રવિપાકના ખરીદ- વેચાણ માટે તમામ માર્કેટયાર્ડ કાર્યરત કરાયા છે, તેની સાથે ખેડૂતોએ પકવેલા મોંઘા મોલનો યોગ્ય ભાવ મળી રહી તે માટે રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી શરૂ કરાઇ છે જે અંતર્ગત અરવલ્લીના ૭ કેન્દ્રો પરથી ટેકાના ભાવે ઘંઉની ખરીદી શરૂ કરાઇ છે.



અરવલ્લી જીલ્લાના તમામ માર્કેટયાર્ડમાં ઘઉં ૬૨૯૪ ક્વિન્ટલ એરંડા ૬૧૦ ક્વિન્ટલ ચણા ૧૮૭ ક્વિન્ટલ બાજરી ૭૫૪ ક્વિન્ટલ મકાઈ ૩૧૭ ક્વિન્ટલ વરીયારી ૫ ક્વિન્ટલ કુલ ૮૧૬૭ ક્વિન્ટલ ખેતપેદાશોની આવક થઇ છે. જયારે રાજય સરકાર દ્વારા ખેડૂતોના ટેકાના ભાવે ઘંઉની ખરીદી શરૂ કરાતા અરવલ્લી નિયત કરવામાં આવેલા મોડાસા અને ટીંટોઇના ખરીદી કેન્દ્ર પર ૧૫ ખેડૂતોના ૮૨૧.૫ ક્વિન્ટલ, ધનસુરાના ૩ ખેડૂતોના ૧૧૪ કિ., બાયડ તાલુકા સાંઠબાના ૧૦ ખેડૂતો ૩૧૯ ક્વિ., ભિલોડાના ૧૩ ખેડૂતોના ૫૦૫ ક્વિ. મેઘરજના ૪ ખેડૂતાના ૨૧૮ ક્વિ.માલપુરના ૬ ખેડૂતોના ૨૯૧ ક્વિ. મળી શુક્રવારે કુલ ૫૧ ખેડૂતોના ૨૨૬૯ ક્વિન્ટલ ઘંઉની ખરીદી કરવામાં આવી હતી. જયારે જિલ્લામાં લોકડાઉનના ત્રણ તબક્કા દરમિયાન જિલ્લાના ૬૦૨ ખેડૂતોના ૨૫,૫૫૬ ક્વિન્ટલ ઘંઉની ખરીદી કરવામાં આવી છે

# ગુજરાતની સુજલામ સુફલામ યોજનામાં ફેરફાર કરવા માણાવદર તાલુકા કૉંગ્રેસ પ્રમુખે અવાજ ઉઠાવ્યો



માણાવદર તાલુકા કૉંગ્રેસ પ્રમુખ અને ખેડૂત હિતેચ્છુ અરવિંદભાઇ લાડાણી એ ખેડૂતો ના હિતને ધ્યાને લઇ સિંચાઈ વિભાગ, કૃષિ વિભાગ તથા નાણા વિભાગ ના મંત્રીઓ તેમજ વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી તેમજ હર્ષદભાઇ રીબડીયા અને ભીખાભાઈ જોષી એમ બન્ને ધારાસભ્યો વગેરે ને આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે ગુજરાત સરકાર દ્વારા ચેકડેમો ,તળાવો ઊંડા ઉતારવા માટે જે તે ગામના ખેડૂતો અરજી કરે તેઓને ચેકડેમ તળાવમાંથી કાંપ કાઢી લઇ જવાની મંજૂરી આપેલ છે. આને કારણે ભ્રષ્ટાચાર પર બ્રેક લાગે છે ને ખેડૂતોને પાણીનો લાભ મળે છે.

જયારે બીજી બાજુ જોઈએ તો જિલ્લા કક્ષાએ સિંચાઇ વિભાગ ના ઇજનેરોએ નોડલ અધિકારી તરીકે નિમણુંક આપીને સુજલામ સુફલામ યોજનાના ભ્રષ્ટાચારને આમંત્રણ આપેલ છે આ યોજનામાં ૬૦- ૪૦ ની ભાગીદારી યોજના છે અને આ નોડલ અધિકારીઓ પોતાની પસંદગી ના ગામોમાં જ આ યોજનાનો અમલ કરાવી રહયા છે તથા જિલ્લાના તમામ સરપંચોને જાણ કર્યા વગર અમુક ગામોમાં જ આ યોજના સંબંધિત ગ્રાંટ ફાળવી રહયા છે.

લાડાણીએ વધુમાં ઉમેરેલ કે આ યોજનામાં જે તે ખેડૂતો ને મંજૂરી આપેલ છે તેમણે જે.સી.બી. દ્વારા તળાવ ઊંડું કરી કાપ લઈ જવાનો થાય છે અને જો દશ લાખનું કામ થયું હોય તો ખેડૂતો ને છ લાખ નું બિલ અપાય છે. બાકીના ચાર લાખ રૂપિયા ફાળા તરીકે ખેડૂતો એ ભરવાના થાય છે.

નોડલ અધિકારી જે સંસ્થા ને આ કામ સોંપે છે તે સંસ્થા આર્થિક રીતે સધ્ધર પણ હોતી નથી તો તે કયાંથી ચાર લાખ રૂપિયા ફાળા તરીકે વાપરી શકે ? જો દશ લાખ રૂપિયા નું કામ હોય તો એક બે લાખ નું કામ ખોટા માપો લેવડાવી આવી સંસ્થાઓ ભ્રષ્ટાચાર કરી રહી છે. તેથી આ યોજના ત્વરિત બંધ કરવી જરૂરી છે અને તેમાં ફેરફાર કરી તેની જગ્યાએ સરકાર જે ગ્રાન્ટ ફાળવે તેને જ ગ્રામ પંચાયત દ્વારા અથવા ટેન્ડર પધ્ધતિ થી ૧૦૦% ગ્રાન્ટ ના પૂરેપૂરાં કામ થાય તે હેતુ સબબ નવીજ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. અને સંબંધિત અધિકારીઓની જવાબદારી ફિક્સ થાય તેવા ફેરફારો સાથે આ યોજના ને આગળ વધારાશે તો જ ભ્રષ્ટાચાર નિયંત્રણ થશે અને તેનો મોટો ફાયદો ખેડૂતો સુધી પહોંચશે

આ યોજનામાં કથિત ભ્રષ્ટાચાર થયેલ હોય તો તેની તપાસ પણ કામના બિલ બને તે પહેલા થવી જોઈએ હાલ આ યોજના જૂનાગઢ જિલ્લામાં કાર્યરત છે અને તેને પૂરી કરવાની મુદત ૧૦ જૂન છે ત્યાર બાદ ચોમાસું શરૂ થતું હોવાથી કામ ન થઇ શકે તેથી આવાં કામોના માપ અગાઉ ની તારીખોમાં દર્શાવી બિલ બનાવાય છે અને ગેરરીતિ આચરવામાં આવે છે.

અરવિંદભાઇ લાડાણી એ અંતમાં જણાવેલ છે કે જયારે કામના માપ લેવાના થાય ત્યારે ગામના સરપંચ તથા આગેવાનોને સાથે રાખવા જોઈએ જે રખાતા નથી અને થયેલાં કામોની તપાસ ચોમાસા પહેલાં સંબંધિત અધિકારીઓ દ્વારા કરાવી પછી જ બિલ ચૂકવવા એ ખેડૂતો તથા પ્રજાના હિતમાં છે

તસ્વીર - અહેવાલ : જીજ્ઞેશ પટેલ માણાવદર

### 'સેંકડો શ્રમિકોને ટ્રેનમાં બેસાડીને આવજો' કહેતા

# ડે.મામલતદાર કોરોના સામે હાર્યા, અ'વાદના કલેક્ટરે દુઃખ વ્યક્ત કર્યું

સેંકડો શ્રમિકોને ફુડ પેકેટ, રેશન કિટ અને સાબરમતી રેલ્વે સ્ટેશને વતન મોકલતી વેળાએ પાછા આવજો કહીને વિદાય આપતા નાયબ મામલતદાર દિનેશ રાવલને કોરોના વાઈરસને કારણે આ દુનિયા છોડીને ચાલ્યા જવુ પડયુ છે. અમદાવાદ કલેક્ટરે કે.કે.નિરાલાએ રવિવારે બપોરે પોણા એક કલાકે પોતાના ડેપ્યુટી મામલતદાર કોરોના સામેની ફાઈટમાં મૃત્યુ પામ્યાની જાણ સાથે દુઃખ વ્યક્ત કર્યું હતુ.કોવિડ-૧૯ની મહામારી વચ્ચે ગુજરાતમાં ફિલ્ડ ઉપર કાર્યરત મહેસૂલી કેડરમાં ૫૨-૫૩ વર્ષના દિનેશ રાવલની છાપ કામઘેલા તરીકની હોવાથી છ- સાત વર્ષમાં અમદાવાદમાં ચાર જેટલા કલેક્ટર બદલાય છતાંયે તમામના કાર્યકાળમાં નાગરીકો સાથે સીધા સંપર્ક, રાહત- બચાવ અને ચૂંટણી સમયે માહિતી એકત્રીકરણ તેમને જ હવાલે રહેતુ. હાલની કપરી સ્થિતિમાં તેમને શ્રમજીવીઓની વતન વાપસીની મળી હતી.કોરોના સામેની હારથી મહેસૂલી કેડરમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી છે. તેમના સહકર્મી વર્તુળોમાંથી મળતી વિગતો મુજબ કલેક્ટરેટમાં સૌથી પહેલા અધિક નિવાસી કલેક્ટરના અંગત મદદનીશનો ટેસ્ટ રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. તેઓ ટેસ્ટ માટે સેમ્પલ આપ્યા પછી પણ કચેરીમાં આવ્યા હતા.બાદમાં ૧૦ જ દિવસમાં અમદાવાદ કલેક્ટર કચેરીમાં માં જ ૧૧થી વધુ કર્મચારીઓના રિપોર્ટ પોઝિટીવ મળ્યા છે.

જેમાં ત્રણેક મામલતદાર હોવાનું પણ બહાર આવ્યુ છે. સતત કામ અને તણાવને કારણે એક એડિશનલ કલેક્ટર રજા પર છે.કોરોના સામે જીવન હારનારા ડે.મામલતદારને ૧૦ દિવસથી તાવ હતો. શરૂઆતમાં ઘરે જ સારવાર લીધા બાદ સખત ઉધરસ આવતા તેમણે આઠેક દિવસ પહેલા ટેસ્ટ કરાવ્યો હતો.

પત્ની પણ સોલા સિવિલમાં કોરોના વોરિયર્સ- નર્સ તરીકે ફરજબધ્ધ હોવાથી દિનેશ રાવલને ત્યાં જ સારવાર હેઠળ રખાય. જો કે, ડાયાબિટિશ અને ઘરેથી સ્થિતિ ગંભીર થવાને તબક્કે હોસ્પિટલમાં પાંચ- છ દિવસમાં જ અંતિમ શ્વાસ લીધા હતા.

### રાજકોટમાં ખેડૂત નેતા પાલભાઈ આંબલીયા પર પોલીસ દ્વારા કરવામાં આવેલ

# અત્યાચાર મુદે માણાવદર મામલતદાર ને આવેદનપત્ર પાઠવતુ આહિર એકતા મંચ



આજરોજ આહીર એકતા મંચના ધર્મેન્દ્ર બોરખતરીયા , શરદકુમાર મારડીયા અને રાજુભાઈ બોરખતરીયા દ્વારા માણાવદર મામલતદાર ને એક આવેદનપત્ર પાઠવ્યું હતુ જેમાં જણાવ્યું હતુ કે રાજકોટ ખાતે ૨૦ મે ના રોજ કલેકટરશ્રીને ખેડૂત નેતા પાલભાઇ આંબલીયા પી.એમ. ફંડ માં કપાસ આપવા જતા પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી ત્યારબાદ એમના પર જુદી જુદી કલમો પણ લગાડવામાં આવી પણ એવો પાલભાઇ એ શું ગુન્હો કર્યો હતો કે એનું અપહરણ કરી પોલીસ અધિકારીઓ દ્વારા ઢોર માર મારવામાં આવ્યો?

આ બનાવ લોકશાહી ની હત્યા સમાન છે માટે આપશ્રી મારફત સરકારશ્રીને વિનંતી કે આ કક્ષા નું કૃત્ય કરનાર અધિકારીઓ ને તરત સસ્પેન્ડ કરવામાં આવે અને પાલભાઈ આંબલીયા ને ન્યાય આપવામાં આવે નહિતર આહીર એકતા મંચ ગુજરાત દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે અને એની તમામ જવાબદારી સરકારશ્રી ની રહેશે

બીજી વાત કે પાલભાઇ આંબલીયા અને કોંગ્રેસ દ્વારા વારંવાર સરકાર પર ખેડૂતોના વિવિધ મુદે આક્ષેપો કરવામાં આવે છે ત્યારે રાજયના કૃષિમંત્રી ની ફરજ છે કે ખેડૂતોના પ્રશ્નને સાંભળવા .

ખેડૂતો ના પ્રશ્નનોને લઇને વારંવાર આવા બનાવો થી ગુજરાત ની છબી ઝાંખી થાય છે માટે સરકારશ્રીને અપિલ કે ખેડૂતોના મુદ્દે પાલભાઇ આંબલીયા સાથે રાજયના કૃષિમંત્રીશ્રી એ જાહેરમાં ડિબેટ કરે જેથી જનતાને સાચા ખોટા ની ખબર પડે સરકાર અમારી આ વાત ની નોંધ લેશો

તસ્વીર - અહેવાલ : જીજ્ઞેશ પટેલ માણાવદર

### અરવલ્લીમાં તમાકુના વ્યાપક કાળાબજાર

# વ્યસનીઓ સાથે ઉઘાડી લૂંટ, સરકારી તિજોરીને ફટકો,ડુપ્લીકેટ તમાકુ-ગુટખાનું ધૂમ વેચાણ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

૨૪ માર્ચના રોજ લોકડાઉન લાગુ કરાયું તેના બે-ત્રણ દિવસ પહેલાથી જ ગુજરાત રાજયમાં અમદાવાદ સહિતના શહેરોમાં સરકારે પાન-મસાલાની દુકાનો બંધ કરાવી દીધી હતી. ત્યારથી લઈને આજ સુધીમાં ગુજરાતમાં તમાકુંના બેફામ કાળાબજાર થઈ રહ્યા છે. ગુજરાતમાં હવે દારૂની માફક તમાકું અને તેની બનાવટોનું વેચાણ થઈ રહ્યું છે! સામાન્ય દિવસોમાં સાડા ચાર હજાર રૂપિયાની કિલો વેચાતી મસાલા(માવા)ની તમાકુંના ભાવ અત્યારે રૂ. ૧૮ થી ૨૦ હજાર બોલાઈ રહ્યા છે.૫ થી ૧૦ રૂપિયામાં મળતી વિવિધ ગુટખાની પડીકી ૩૦ થી ૪૦ રૂપિયા બોલાઈ રહ્યા છે પાન-મસાલા ગુટખાના વેપારીઓ વ્યસનીઓ સાથે ઉઘાડી લૂંટ કરી રહ્યા છે સરકારી તિજોરીને ફટકો પડી રહ્યો છે બીજીબાજુ કાળાબજારીયાને ઘી-કેળાં થઇ ગયા છે અરવલ્લી જીલ્લામાં લોકડાઉન-૪ માં મળેલી છૂટછાટમાં પણ સૌથી વધુ લાઈનો પાન-મસાલાના ગુટખાના જથ્થાબંધ વેપારીઓના ત્યાં જોવા મળી રહી છે


આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, લોકડાઉનમાં પાન-મસાલા, ગુટખા, બીડી સિગારેટના વેચાણ પર પ્રતિબંધ ફરમાવતાની સાથે કાળાબજાર સારું થઇ ગયા હતા તમાકુ-ગુટખાની તીવ્ર તંગી વચ્ચે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં જવાબદાર તંત્રની આંખ નીચે કેટલાક લેભાગુ વેપારીઓએ ડુપ્લીકેટ તમાકુ-ગુટખા વેચાણ કરી મલાઈ તારવી રહ્યા છે નકલી અને જોખમી તમાકુંનું પણ ત્રણ થી ચાર ગણા ભાવે વેચાણ શરૂ કર્યું છે. ચાંદીની વરખના બદલે નકલી તમાકુંમાં એલ્યુમિનિયમની વરખ હોય છે. જે સાત-આઠ માસમાં કેન્સર નોતરે છે. એટલે નકલી તમાકું ખાઈને લોકોના સ્વાસ્થ્ય સાથે વધારે ચેડાં થઈ રહ્યા છે. ઘણા લોકો માનસિક તનાવ, બેચેની, અનિંદ્રા, કબજીયાત વગેરેનો ભોગ બની રહ્યા છે.ગુટખા-ખૈની ની પડીકી માં પણ અસલીના નામે નકલી ગ્રાહકોને પધરાવી રહ્યા છે જે આવનારા સમયમાં વ્યસનીઓ માટે કેન્સર જેવી ગંભીર બીમારીને આમંત્રણ આપી રહ્યા છે વ્યસનીઓ ત્રણ થી ચાર ગણી રકમ ચૂકવી વ્યસનીઓ વ્યસનને પોષી રહ્યા છે

મોડાસા શહેરમાં પાન-મસાલા ગુટખાની એજન્સી ધરાવતા વેપારીઓની દુકાનોમાં લાઈનો હજુ પણ યથાવત જોવા મળી રહી છે ત્યારે કેટલાક લેભાગુ વેપારીઓએ માલ શોર્ટેજ હોવાનું કારણ આગળ ધરી માલ ઘરે પહોંચાડી દીધો છે અને ઘરેથી નાના-મોટા પાન-પાર્લર ધારકો અને દુકાનદારોની ગરજ પ્રમાણે ભાવ ખંખેરી રહ્યા છે

રાજ્ય સરકારે તમાકું પર પ્રતિબંધ ફરમાવ્યા બાદ અરવલ્લી જીલ્લામાં ત્રણ મહત્વની અસરો જોવા મળી છે. લોકો સાથે ઉઘાડી લૂંટ શરૂ થઈ છે, સરકારી તિજોરીને જીએસટીની આવકનો મોટો ફટકો પડયો છે અને કાળાબજારીયાઓને ઘી-કેળા થઈ ગયા છે. તેમાં અમુક જગ્યાએ દારૂની માફક પોલીસની વરવી ભૂમિકા અને ભ્રષ્ટાચાર(હપ્તાખોરી)ના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે.

### અરવલ્લી પોલીસ અધિક્ષક કચેરી ખાતે

# એસ.પી મયુર પાટીલે ઈદ-ઉલ-ફિત્રના તહેવારને લઈ શાંતિ સમિતિની બેઠક યોજી



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં મોટી સંખ્યામાં મુસ્લીમ લોકો રહે છે. અને રમજાન માસનાં સતત ૩૦ દીવસ સુધી રોજા રાખી અલ્લાહની ઈબાદત કરી હોય મુસ્લીમ લોકો માટે સૌથી મોટો ખુશીનો તહેવાર મીઠી ઈદ તરીકે ઈદ-ઉલ- ફિત્ર છે અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે મોડાસા શહેર સહીત જીલ્લાના અગ્રણી મુસ્લિમ બિરાદરો સાથે જીલ્લા પોલીસ ભવન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજી હતી અને સમગ્ર જીલ્લામાં કોરોના કહેરની મહામારી અને લોકડાઉનની અમલવારીમાં ઈદ-ઉલ-ફિત્રના તહેવારની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે અંગે ચર્ચા કરી હતી .

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે કોરોના મહામારીને પ્રસરતી અટકાવવા ઈદ-ઉલ- ફિત્રમાં ઈદગાહમાં નમાજ અદા કરવાને બદલે ઘરે નમાજ અદા કરવા માટે અને મસ્જિદમાં પણ નક્કી કરેલ લોકોએ નમાજ અદા કરવા મુસ્લિમ અગ્રણીઓ સાથે ચર્ચા કરી હતી શાંતિપૂર્ણ માહોલમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ રહે અને શાંતિપૂર્ણ માહોલમાં તહેવારની ઉજવણી કરવા ચર્ચા કરી હતી મુસ્લિમ બિરાદરો એસપીને સંપૂર્ણ સહકાર આપવા બાંહેધરી આપી હતી

### કોરોનાના કહેર વચ્ચે અરવલ્લીમાં તીડની દહેશતથી ખેડૂતો ચિંતિત

# મેઘરજ-ભિલોડાના સરહદી વિસ્તારોમાં ખેતીવાડી વિભાગના ધામા

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજયમાં કોરોનાનો કહેર અટકવાનું નામ નથી લઇ રહ્યો ત્યારે વધુ એક તીડ નામની આફત આવીને ઉભી છે. અત્યાર સુધી સરહદી વિસ્તારોમાં તીડનો આતંક હતો હવે રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે અરવલ્લી જીલ્લાના ભિલોડા-મેઘરજ તાલુકાના સરહદી વિસ્તારોમાં રણતીડના ત્રાટકવાની દહેશત પેદા થતા ઉનાળુ ખેતી કરનાર ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે જીલ્લા ખેતીવાડી વિભાગે સરહદી વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોને રણતીડની ઓળખ અને તેના નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું ચારેકોર કોરોનાનો કહેર મચ્યો છે.જાણે કુદરત જ રૂઠી હોય એમ સુપર સાઈક્લોન ત્રાટકી રહયા છે.અને પુનઃ તીડ ત્રાટકવાનો ખતરો ઉભો થયો છે.રાજસ્થાન ના દક્ષિણ-પશ્ચિમી વિસ્તારોમાંથી રાજયના કચ્છ અને બનાસકાંઠા વિસ્તારમાં ફેલાયેલા તીડના ભય બાદ અરવલ્લી જિલ્લામાં તીડ ત્રાટકવાની સંભાવનાના પગલે લોકડાઉનમાં દયનિય હાલતમાં મુકાયેલા ખેડૂતો ચિંતિત બન્યા છે ભિલોડા-મેઘરજના સરહદી ૨૮ ગામોમાં ખેતીવાડી વિભાગે ૧૦ જુદી જુદી ટિમ બનાવી રણતીડ ત્રાટકે તો તેના નિયંત્રણ માટે રણનીતિ બનાવી હતી ખેડૂતોને રણતીડની ઓળખ અને તેના નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને રણતીડ ત્રાટકે તો તેના નિયત્રંણ માટે કૃષિ વિભાગે ફૂટ સ્પ્રેયર અને ટેન્કર દ્વારા દવા છંટકાવ કરવા તડામાર તૈયારીઓ આદરી દીધી છે ભિલોડા તાલુકાના બોરનાલા ગામે તીડ જેવા તીતીઘોડા ના ઝુંડના ઝુંડ જોવા મળતા ગ્રામજનો અને ખેડૂતોમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને બોરનાલા ગામે તીડ ત્રાટક્યા હોવાની ચગદોળે ચડેલી ચર્ચા ને લઈ જિલ્લાના ખેડૂતોમાં ભય પ્રસર્યો હતો.અને માહિતીની ગંભીરતાને ધ્યાને લઈ જિલ્લા ખેતીવાડી વિભાગની ટીમ બોરનાલા ગામે પહોંચી હતી.પરંતુ તીડ નહી તીતીઘોડા હોવાનું જોવા મળતાં જ તંત્ર સહિત ખેડૂતો એ મોટી રાહત અનુભવી હતી.



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.